Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૧૩
તા.૦૮-૦૯-૨૦૧૭, શુક્રવાર
સંવત ૨૦૭૩ ભાદરવા વદ - ૦૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૫ સૂર્યાસ્ત : ૦૬:૫૨

તાપમાન
ડીસા ૩૩.૨ | વડોદરા ૩૨.૮
અમદાવાદ ૩૪.૨ | સુરત ૩૩.૦
ગાંધીનગર ૩૪.૨ | નલિયા ૩૧.૬

ચાંદી : ૪૦૬૦૦ સોનું : ૩૦૧૦૦

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# અબુ સાલેમને ઉંમરકેદ, તાહિર-ફિરોઝને ફાંસી

## મુંબઈ બ્લાસ્ટના ૨૪ વર્ષ બાદ ટાડા કોર્ટ દ્વારા કઠોર સજા કરાઈ : સજા ફટકારવામાં આવ્યા બાદ ગેંગસ્ટર અબુ સાલેમ રડી પડ્યો : બે લાખ રૂપિયાનો દંડ પણ ફટકારાયો : કરીમુલ્લાને પણ આજીવન કારાવાસની સજા

મુંબઈ

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈને હચમચાવી મુકનાર સિરિયલ બોંબ બ્લાસ્ટ કેસમાં મુંબઈની ટાડાની ખાસ અદાલતે અન્ડરવર્લ્ડ ડોન અબુ સાલેમને આજે આજીવન કારાવાસની સજા ફટકારી હતી. સજા સાંભળ્યા બાદ કોર્ટમાં અબુ સાલેમ રડી પડ્યો હતો. અબુ સાલેમ ઉપર બે લાખ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છેજ્યારે અબુ સાલેમના નજીકના સાગરિત મોહમ્મદ તારિહ મર્ચન્ટ અને ફિરોઝ અબ્દુલ રશીદખાનને ફાંસીની સજા ફટકારવામાં આવી હતી. કોર્ટે કરીમુલ્લા ખાનને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. તેના ઉપર બે લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. જો કરીમુલ્લા આ દંડની રકમ ચુકવવામાં નિષ્ફળ રહેશે તો તેને જેલમાં વધુ બે વર્ષની સજા ગાળવી પડશે. રિયાઝ સિદ્દીકીને ૧૦ વર્ષની સજા ફટકારી હતી. કોર્ટના ચુકાદા બાદ ખાસ સરકારી વકીલ અને વરિષ્ઠ પ્રવક્તા ઉજ્જવલ નિકમે કહ્યું હતું કે, અબુ સાલેમને આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી છે. અબુ સાલેમ પહેલાથી જ ૧૨ વર્ષ જેલમાં ગાળી ચુક્યો છે. આવી સ્થિતિમાં ભારત અને પોર્ટુગલ મળીને નક્કી કરશે કે અબુ સાલેમને જેલમાં વધુ કેટલો સમય ગાળવો પડશે. બીજા અપરાધી જેલમાં જેટલી સજા ગાળી ચુક્યા છે. તેમની સજામાં આ ગાળો ઘટાડી દેવામાં આવશે. પોર્ટુગલના કાયદા મુજબ આજીવન કારાવાસનો મતલબ ૨૫ વર્ષ છે અને આવી સ્થિતિમાં તેને જેલમાં બીજા ૧૩ વર્ષ ગાળવા પડશે. મુંબઈમાં ૧૨ બોંબ બ્લાસ્ટની ઘટનાના ૨૪ વર્ષ બાદ ૧૬મી જુન ૨૦૧૭ના દિવસે ખાસ ટાડા અદાલતે આ મામલામાં પોતાનો ચુકાદો આપ્યો હતો.

## વિચાર વૈભવ...

### બેહોશી વિરુદ્ધ સભાનતા

એકની એક ઘટમાળમાં બેહોશી પ્રવેશી જાય છે. મનુષ્ય એના વર્તનની યાંત્રિકતાને કારણે જીવંતતા ગુમાવી દે છે. દરરોજ બગીચામાં ફૂલ ચૂંટવા જનારો માળી એટલો નિત્ય ક્રમથી ટેવાઈ ગયો છે કે એ ફૂલોની એ જેટલો નજીક હોય છે એનાથી હજારો યોજન એના સૌંદર્યથી એ દૂર હોય છે, ફૂલોની પાંદડી પર અવતરેલા ઓસબિંદુમાં દેખાતું ઝબકતું કિરણ જોવાની એને શી તમા? એ માળી ખરેખર ફૂલોની નજીક હોય છે ત્યારે બેહોશ જ હોય છે. વિદ્યાર્થીઓને ફૂલો માની લો અને શિક્ષકને માળી માનો તો આવી બેહોશીનું જોખમ શિક્ષણ વ્યવસ્થામાં પણ છે. સભાનતા આપણને દરેક કાર્યમાં હાજર રાખે છે, એ કાર્યનો આનંદ આપે છે, જીવનના એ પ્રસંગનો સાક્ષાત્કાર કરાવે છે. સભાનતા જળવાય તો માનવસર્જિત દુર્ઘટનાઓ પણ અટકે છે. પત્ની કાનની નવી બુટ્ટી પહેરે અને તમારું ધ્યાન ન જાય તો એ બેહોશી છે. બાળક નવું વસ્ત્ર પહેરીને ઠુમક ઠુમક કરતું તમારી પાસે આવે અને તમે આશ્ચર્યચકિત થઈ એને વધાવી ન લો તો તમે બેહોશ છો. હોશમાં રહેવાથી, સભાન રહેવાથી જીવન આનંદથી પ્રફુલ્લિત થઈ જાય છે.

- ગિજુભાઈ ભરાડ

## ગુજરાતમાં ઘાતક સ્વાઈન ફ્લુથી વધુ ૪ના મોત

અમદાવાદ

સ્વાઈન ફ્લુને રોકવા માટે તમામ પગલા લેવાઈ રહ્યા હોવા છતાં મોતનો આં-કડો અવિરતરીતે વધી રહ્યો છે. હજુ પણ ઘણા લોકો સ્વાઈન ફ્લુની સારવાર લઇ રહ્યા છે જ્યારે કેટલાક લોકો ઓક્સિજન પર અને કેટલાક લોકો બાયપેપ ઉપર છે. હજુ પણ અનેક દર્દી વેન્ટીલેટર પરહોવાની વિગત સપાટી ઉપર આવી ચુકી છે. સરકાર દ્વારા જુદા જુદા વિસ્તારોમાં દર્દીઓ માટે ખાસ વ્યવસ્થા પણ ગોઠવી છે. કિલર સમાન સાબિત થઇ રહેલા અને દરરોજ મોટી સંખ્યામાં લોકોને પોતાના સકંજામાં લઇ રહેલા સ્વાઈન ફ્લુના કારણે ગુજરાતમાં વધુ ચાર લોકોના મોત થયા છે. જ્યારે ૧૦૪ નવા કેસ સપાટી ઉપર આવ્યા છે.

# થરાદમાં ભારતીય કિસાન સંઘ દ્વારા રેલી યોજી આવેદનપત્ર અપાયું




વિષ્ણુ દવે

(તા.પ્રતિ.) થરાદ

થરાદમાં ભારતીય કિસાનસંઘ દ્વારા તાલુકાના ખેડુતોના પડતર અને તાજેતરના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ નહી લાવવામાં આવ્યું હોવાના કારણે થરાદમાં ગુરૂવારે ટેલીફોન એક્સચેંજ આગળ રેલી સભા અને આવેદનપત્ર કાર્યક્રમ યોજાયો હતો. ભારતીય કિસાન સંઘનાં જિલ્લા પ્રમુખ ભીખાભાઇ ભૂટકા, જિલ્લા મત્રી કાનજીભાઇ પીલુડાં, ભા.કી.સંઘ થરાદ પ્રમુખ માધાભાઈ કિયાલ, કોસાધ્યક્ષ વાઘજી ભાઈ ધેસડા વાવ તાલુકા પ્રમુખ કાન્જી ભાઈ તથા દરબાર બલવન્ત સિંહ ચારડાતાલુકા કારોબારી સભ્યો હાજર રયા હતા .થરાદ પંથકમાં અતિવૃષ્ટી અને પુરના કારણે અનેક ગામોના ખેડુતોને થયેલા ભારે નુકશાનમાં સહાય માટે સરકારે જાહેર કરેલા પેકેજમાં વ્યાપક લાલીયાવાડી અને અસંતોષની લાગણી ખેડુતો કચેરીઓમાં વાહનોમાં ભરાઇને ટોળા સ્વરૂપે દોડી આવી વ્યક્ત કરતા હોઇ થરાદ તાલુકા ભારતીય કીસાનસંઘે ખેડુતોની મદદ માટે બાંયો ચડાવી હતી.જે માટે સભામાં બહોળી સંખ્યામાં ખેડુતો ઉપસ્થિત રાખીને પ્રશ્નોનો મુદ્દે લડી લેવા તાલુકાના પ્રમુખે તાલુકાના ગામેગામે જઇને ભારે પ્રચાર પ્રસાર પણ કર્યો હતો. જોકે તેમની ધારણા પ્રમાણે ખેડુતો નહી આવતાં અને આટલા ખેડુતોતો કોઇ મોટા ગામના રાવણામાં પણ હોય તેમ જણાવી ખેડુતોને કોઇ પ્રશ્નો નહી હોવાનું લાગી રહ્યું હોવાની જાહેર લાગણી વ્યક્ત કરી હતી.અન્ય આગેવાનોએ પણ પાંખી હાજરીની નોંધ લઇ આગામી અગિયારમીએ જિલ્લા સ્તરે આયોજીત રેલીમાં બહોળી સંખ્યામાં ઉમટી પડવાની હાકલ કરી હતી. આવેદનપત્રમાં તાલુકાના પુરથી અસર પામેલા તમામ ખેડુતોને કેશડોલ, પશુમરણ, મકાનસહાય,ઘરવખરી સહાય, જમીનધોવાણ,

અનુસંધાન પાના નં.૬

# છાપી હાઈ-વે ઉપર કારમાંથી રોકડની આબાદ ચીલઝડપ

## કારના પાછળના ટાયરમાંથી પંક્ચર પડ્યાનું કહી અંદર પડેલ પાકીટ ઉઠાવી અજાણ્યો ગઠીયો ફરાર

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકાના છાપી હાઈવે ઉપર બુધવારની સાંજે એક કાર ચાલકને કારના પાછળના ટાયરમાં પંક્ચર પડ્યું હોવાનું કહી કારમાં પડેલ રૂા.૩૦ હજારની રોકડ ભરેલ પાકીટ કોઈ અજાણ્યો ઈસમ નજર ચૂકવી ઉઠાવી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પાલનપુરમાં ફુટવેરનો ધંધો કરતા અશ્વિનભાઈ ચી. દેતવાણી પોતાના ધંધાની ઉઘરાણી કરવા વડગામ તાલુકાના વિવિધ ગામોમાં આવ્યા હતા. દરમિયાન છાપી ગામમાંથી ઉઘરાણી કરી પરત ફરતા છાપી તાજ હોટલ આગળ પોતાની ઈન્ડિકા કાર (નંબર જીજે૮એ૬૮૨૩) રોડ ઉપર પાર્ક કરી ઉભા હતા તે દરમિયાન એક ઈસમ તેમની કાર પાસે આવી કહેલ કે તમારી કારના પાછળના ટાયરમાં પંક્ચર પડેલ છે જેથી અશ્વિનભાઈ ગાડીમાંથી ઉતરી તપાસ કરવા જતાં કારમાં આગળ પડેલ ઉઘરાણીનું પાકીટ કે જેમાં ૩૦ હજાર રોકડા તેમજ અન્ય કાગળ મુકેલા હતા જેની તફડચી કરી અજાણ્યો ઈસમ ફરાર થઈ જતાં છાપી હાઈવે સહિત પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. આ ઘટના બાદ પીડીત અશ્વિનભાઈએ છાપી પોલીસ મથકે લેખીત જાણ કરતા પોલીસે પાકીટની ઉઠાંતરી કરનાર ઈસમની શોધખોળ શરૂ કરી હોવાનું જાણવા મળે છે.

## વધુ ટ્રેન દુર્ઘટના : શક્તિપુંજ ટ્રેન પાટા ઉપરથી ખડી પડી

નવી દિલ્હી

દેશમાં ટ્રેન અકસ્માતોનો સિલસિલો યથાવતરીતે જારી રહ્યો છે. આજે સવારે વધુ એક ટ્રેન દુર્ઘટનાગ્રસ્ત થતા રેલવે તંત્રમાં ભારે ભાગદોડ મચી ગઈઉ હતી. આજે સવારે ઉત્તર પ્રદેશનના સોનભદ્ર માં ઓબરા પાસે શક્તિપુંજ એક્સપ્રેસ ટ્રેનના સાત કોચ પાટા પરથી ખડી પડ્યા હતા.

અક્ષર કેરીયર એકેડેમી મો.૯૪૦૮૨૯૦૫૧૫
ફ્રી
રે.તલાટી | કલાર્ક
ના.મામલતદાર
PSI | DY.S.O | કોન્સ્ટેબલ
ડેમો કલાસ તા.૭,૮,૯,૧૦,૧૧ સપ્ટે. ૨૦૧૭
સવારે ૮ થી ૧૦ | સવારે ૧૦ થી ૧૨ | સાંજે ૭ થી ૯
મહેસાણા - પાલનપુરમાં સફળતા બાદ હવે ડીસામાં
અમદાવાદ - ગાંધીનગર મહેસાણાના નિષ્ણાંત ફેકલ્ટી દ્વારા કોચીંગ આપતી એકમાત્ર સંસ્થા
• દરરોજ ટેસ્ટ
• પરીક્ષાલક્ષી મટીરીયલ
• લાયબ્રેરી વ્યવસ્થા
• વિષય પ્રમાણે અલગ-અલગ ફેકલ્ટી
Maths - Redsoming - English ની શોર્ટ ટ્રીક
બીજેમાળ, સંકલ્પ-૨ કોમ્પલેક્ષ, SBI ની બાજુમાં, હાઈવે રોડ, ડીસા.

IndoVasc HOSPITAL
Center for Veins & Vascular Surgeries
ડો. સૃજલ શાહ
(એમ.એસ., એમ.સી.એચ.)
ગુજરાતના સૌ પ્રથમ MCH વાસ્કયુલર અને એન્ડો વાસ્કયુલર સર્જન, વેરીકોઝ વેઇન્સ, પગના ચાંદા, ડાયાબીટીક ફૂટ અને ગેંગ્રીનનાં સ્પેશીયાલીસ્ટ સર્જન.
(ધમની અને શીરાના સ્પેશ્યાલીસ્ટ)
મો. ૯૧૩૭૭૮૮૦૮૮
તા.૦૯-૦૯-૧૭ શનિવાર, સમય : સવારે ૧૦ થી ૧
સ્થળ : રાજસ્થાન હોસ્પીટલ, ગાયત્રી લેબોરેટરીની સામે, ડૉ. કલ્પેશ તલાટીની બાજુમાં, મું.ડીસા, જિ.બ.કાં.
એપોઇન્ટમેન્ટ માટે ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

ઉત્તર ગુજરાતમાં ખાસ સેવા અધિકારીઓની નિમણુંક કરવાની છે.
ઉત્તર ગુજરાત સ્થિત એક ખાનગી એકમ માટે ઉત્તર ગુજરાતના દરેક તાલુકામાં ખાસ સેવા અધિકારીઓની નિમણુંક કરવાની છે. આ એકમમાં જોડાવવાથી સમાજસેવા ઉપરાંત આર્થિક ઉપાર્જન પણ થઈ શકશે.
આ એકમમાં વર્ગ-૨ અને વર્ગ-૩ ના નિવૃત કર્મચારીઓ જેવા કે મામલદાર, તાલુકા વિકાસ અધિકારી, તલાટી, શિક્ષક સહકારી મંડળીના ઓડીટર, અથવા બંન્ને વર્ગ સમકક્ષ કોઈપણ ખાતાના રાજય અથવા કેન્દ્રના સરકારી, અર્ધ સરકારી નિવૃત કર્મચારી પણ આ અભિયાનમાં જોડાઈ શકશે.
આજે જ તમામ વિગતો અને પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે નીચેના સરનામે અરજી કરો.
જાહેરખબર બોકસ નંબર ૧૫૩,
પોષ્ટ બોકસ નં. ૧
ડીસા - ૩૮૫૫૩૫ (જિલ્લો બનાસકાંઠા)

## બેસણું / બોલામણું



સ્વ.સીતાબેન દુર્ગાશંકર દવે
સ્વ.તા.૦૬/૦૯/૨૦૧૭

અમારા માતૃશ્રી સીતાબેન દુર્ગાશંકર દવેનું તા.૬/૯/૧૭ ને બુધવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. (પ્રભુને ગમ્યું તે ખરૂં), સદ્દગતનું બેસણું તા.૯/૯/૧૭ ને શનિવારના રોજ રાખેલ છે.

સ્થળ : શ્રીમાળી સમાજની વાડી, મુ.ઝેરડા, તા.ડીસા, જિ.બ.કાં., મો.૯૦૯૯૮૬૨૯૩૧

લિ.

મનસુખલાલ દુર્ગાશંકર દવે (પુત્ર)
નટવરલાલ દુર્ગાશંકર દવે (પુત્ર)
દિનેશભાઈ દુર્ગાશંકર દવે (પુત્ર)
અશોકભાઈ દુર્ગાશંકર દવે (પુત્ર)
ઉમીયાબેન પ્રવિણચંદ્ર ત્રિવેદી (પુત્રી)
વિમળાબેન પરમેશ્વરલાલ ત્રિવેદી (પુત્રી)
-: પિયર પક્ષ :-
બાબુલાલ રત્નેશ્વરજી ત્રિવેદી (ભાઈ)

JOC JOSHI ORTHOPEDIC CENTER
જોષી ઓર્થોપેડીક સેન્ટર - ડીસા
૨૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે ઉજવે છે.
સિનીયર સિટીઝન પ્રત્યેની સામાજીક ફરજના ભાગરૂપે
સિનીયર સિટીઝન માટે ફ્રી




સંપૂર્ણ બોડી ચેકઅપ કેમ્પ અને જોઈન્ટ રિપ્લેશમેન્ટ માર્ગદર્શક સેમીનાર
કોણ ભાગ લઈ શકે ?
જેમની ઉંમર ૫૫ વર્ષ કે તેથી વધુ હોય તે
જેમને જોઈન્ટ રિપ્લેશમેન્ટ વિશેની જાણકારીમાં રસ હોય તે વ્યકિત (સેમીનાર માટે)
જેમણે ભુતકાળમાં જોષી ઓર્થોપેડીક સેન્ટરમાં (JOC) માં ઓપરેશન કરાવેલ હોય તે.
કઈ તપાસ ફ્રી કરવામાં આવશે ?
જોઈન્ટની તપાસ : (ડૉ.અમિત જોષી)
હૃદય, ફેફસા અને પેટની તપાસ : (ડૉ.આલોક સિંઘલ)
કાન, નાક, ગળાની તપાસ : (ડૉ.મનોજ અમીન)
આંખોની તપાસ : (ડૉ.વિનય પઢિયાર)
કઈ સેવાઓ રાહત દરે આપવામાં આવશે ?
X - RAY
લેબોરેટરીની તપાસ
E.C.G.
સમય : સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી
તા.૧૦-૦૯-૨૦૧૭, રવિવાર
સ્થળ : જોષી ઓર્થોપેડીક સેન્ટર
ગાયત્રી મંદિરની સામે, હાઈ-વે, ડીસા-
ડૉ.અમિત કે.જોષી
(M.S. Ortho)
જોઈન્ટ રિપ્લેશમેન્ટ સર્જન
24 x 7 Help Line
Appointment on WhatsApp } 9687649111
ફોન : 02744-226443 (રિપ્લેશમેન્ટ યુનિટ)
02744-227575 (ટ્રોમા યુનિટ)

CMYK

**સૂર્યોદય - ૬.૨૫ સૂર્યાસ્ત - ૭.૫૨**

## તિથિદર્શન
ભાદરવા વદ-૨ શુક્રવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ ભાદરવા વદ : બીજ શુક્રવાર પંચક નક્ષત્ર : ઉ.ભાદ્રપદ બપોરે ૧૨.૩૧ પછી રેવતી યોગ: ગંડ કરણ: વણીજ આજે જન્મેલા બાળકની રાશી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

**- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન
**- સુરેશ પ્રા.ભટ્ટ**

**નિર્વીયા પૃથિવી નિરોધ ધિરસા**
**નીચા મહત્વં ગતા ભૂપાલા**
**નિજકર્મધર્મ રહિતા વિપ્રાંત કુમાર્ગે રતાઃ**
**ભાર્યા ભર્તૃ વિરોધીની પરસ્તા પુત્રાં**
**પિતૃદ્વેષિણા હા કષ્ટં ખલુ વર્તતે કલિયુગે ધન્યા નરા યે મૃતાઃ**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'કળિયુગનો મહિમા'માંથી આ શ્લોક છે:

'આ કળિયુગમાં પૃથ્વી આભા- ઓજસ વિનાની 'નિસ્તેજ' થઈ ગઈ છે. ઔષધીઓ રસ વિનાની થઈ ગઈ છે. હલકાં વર્ણના નીચ - દુર્જન લોકો ઉચ્ચ પદની પ્રાપ્તિ કરે છે, રાજાઓ (પ્રધાન, નેતા, અધિકારીઓ) પોતાનાં કર્તવ્ય- ધર્મને ચૂક્યા છે. બ્રાહ્મણો પોતાનો ધર્મ ચૂકી કુમાર્ગે ચઢી ગયા છે, પત્નીઓ પતિનો વિરોધ કરનારી- સામે વાદ- પ્રતિવાદ કરીને જવાબો આપનારી થઈ ગઈ છે, અને પરપુરુષમાં રત છે, પુત્રો પિતાનો દ્વેષ કરે છે- આજ્ઞાધીન રહ્યા નથી, તેથી આ કળિયુગમાં જીવવા કરતાં જે લોકો મૃત્યુ પામ્યા છે તે ખરેખર ધન્ય થઈ ગયા છે.'

આજના કળિયુગમાં જમીનના કાવાદાવા, ખાદ્ય વસ્તુઓમાં ભેળસેળ, દવા- ઈન્જેક્શનમાં બનાવટ, પ્રધાનો- સચિવો પોતાના કર્તવ્ય ધર્મથી ચલિત, દંપતીઓમાં બેવફાઈ અને સંતાનોમાં અવિવેક - આ બધું જ કળિયુગનું પરિણામ છે. સંસારમાં કોઈને પણ કોઈથી સંતોષ નથી. આવા કળિયુગમાં જીવવાં કરતાં ઈશ્વર મુક્તિ આપે તો સારું.

## આપની આજ
**- કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**મેષ : (અ.લ.ઈ.)આરોગ્ય બાબતે સંભાળવું. નાણાંકીય કટોકટી અનુભવાય.**
**વૃષભ : (બ.વ.ઉ.)મનની મૂંઝવણ દૂર થાય. મહત્વના કાર્યમાં પ્રગત્તિ થાય.**
**મિથુન :(ક.છ.ઘ.) વિશ્વાસે વહાણ ન ચલાવવું. આરોગ્ય બાબતે સંભાળવું.**
**કર્ક : (ડ.હ.) મનમાં આનંદ રહે. જમીન, મકાન, વાહનને સંબંધિત કાર્યમાં સફળતા મળે.**
**સિંહ : (મ.ટ.) માનસિક અશાંતિ રહે. શેર-સટ્ટાથી દૂર રહેવું હિતાવહ.**
**કન્યા : (પ.ઠ.ણ.) કાર્યબોજમાં વધારો થાય. હિતશત્રુઓથી સાવધ રહેવું.**
**તુલા : (ર.ત.) વડીલ વર્ગ સાથે વાણી ઘર્ષણ થાય. ધંધાકીય પ્રગતિ રૂંધાય.**
**વૃશ્ચિક :(ન.ય.) ખર્ચના ભોગ બનવું પડે. પ્રવાસ-પર્યટન ટાળવો હિતાવહ.**
**ધન : (ભ.ફ.ધ.) વાણી સંયમ જાળવવો હિતાવહ. કોર્ટ-કચેરીના કાર્યથી દૂર રહેવું.**
**મકર : (ખ.જ.) વડીલ વર્ગ દ્વારા લાભ થાય. સામાજિક કાર્યમાં સફળતા મળે.**
**કુંભ : (ગ.શ.સ.) ગૃહવિવાદ, વ્યાપાર-ધંધામાં પ્રગત્તિ થાય.**
**મીન : (દ.ચ.જ.થ.)કંટાળાજનક દિવસ વ્યતિત થાય. આવકનું પ્રમાણ ઘટે.**

## આજનો દિન મહાન
**- યશવંત કડીકર**

નેહરૂ યુગના સંસદ સભ્ય અને સમાજવાદી તથા બિનસાંપ્રદાયિક લોકશાહીવાદના વિચારક ફિરોજ ગાંધીની જન્મતિથિ અને પુણ્યતિથી બંને એક જ માસમાં આવે છે.
સુરતના રતિબાઈ માતા અને ભરૂચના જહાંગીર ફરેદૂન પિતાના પારસી કુટુંબમાં મુંબઈમાં એમનો જન્મ તા. ૧૨-૯-૧૯૧૨ ના રોજ થયો હતો.
બાળપણમાં તેઓ ખૂબ જ તોફાની, તેજસ્વી અને યુવાનવયમાં એક ક્રાન્તિકારી વિચારક તરીકે આગવું વ્યકિતત્વ ઉપસાવનાર હતા. એમણે ૧૬ વર્ષની વયે તરૂણવયે સક્રિય રાજકારણમાં ઝંપલાવ્યું. ૧૯૪૨માં શ્રીમતી ઈન્દિરા ગાંધી સાથે તેમના લગ્ન થયાં. નેહરૂ કુટુંબમાં સાથે પૂર્ણતઃ જોડાઈ ગયા અને તેમની પ્રવૃતિનો વ્યાપ વધી ગયો. રાજીવ ગાંધી અને સંજય ગાંધી એમ બે તેજસ્વી પુત્રોના તેઓ પિતા બન્યા. સ્વાતંત્ર્યપ્રાપ્તી પછી આપણી પંચવર્ષિય યોજનાઓના ધ્યેયો અને લક્ષ્યાંકો નકકી કરવામાં કોંગ્રેસ અને સમાજવાદી ઢબની વિચારસણી તરફ ઝોક આપવામાં પાર્લામેન્ટની ચર્ચાઓ જીવંત બનાવવામાં ગાંધીનો ફાળો બહુમૂલ્યવાન છે. તા. ૮ સપ્ટેમ્બર ૧૯૬૦ ના રોજ ૪૮ વર્ષનું ઉંમરે એમનું નિધન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2008 CERTIFIED
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.Investmentpoint.in
+91 99793 80808

## નિફ્ટી ફ્યુચર ૯૯૦૯ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ....!!!

**તા ૦૭.૦૯.૨૦૧૭ ના રોજ નિફટી ફ્યુચર બંધ ભાવ ( ૯૯૫૩ ) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૯૦૯ પોઈન્ટના પ્રથમ અને ૯૮૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૯૯૯૦ પોઈન્ટ થી ૧૦૦૧૩ પોઈન્ટ, ૧૦૦૩૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૯૯૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો ...

**૧) ACC લિમિટેડ ( ૧૭૯૬ ) :- સિમેન્ટ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૮૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૮૦ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૧૩ થી રૂ.૧૮૨૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૮૨૬ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) HDFC બેન્ક ( ૧૭૬૬ ) :- ટેક્નીકલ ચાર્ટ મુજબ રૂ.૧૭૪૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૭૩૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૭૮૩ થી રૂ.૧૭૯૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) લાર્સન લિમિટેડ ( ૧૧૩૩ ) :- રૂ.૧૧૧૬ પ્રથમ તેમજ રૂ.૧૧૦૭ ના બીજા સપોર્ટથી કન્સ્ટ્રકશન સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૫૧ થી રૂ.૧૧૬૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) ઇન્ફોસિસ ( ૮૯૯ ) :- ટેક્નોલોજી સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૯૧૩ થી રૂ.૯૨૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૮૮૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) ઝીજી લિમિટેડ ( ૨૪૬૮ ) :- રૂ.૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૨૪૩૦ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ટેક્નોલોજી સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૨૪૯૦ થી રૂ.૨૫૦૭ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ...

**૧) યશ બેન્ક ( ૧૮૦૬ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૮૧૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૯૭ થી રૂ.૧૭૯૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૮૨૩ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) ઊંફ્ટ્ટહ્લઝ લિમિટેડ ( ૧૭૮૩ ) :- રૂ.૧૭૯૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૮૦૮ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૭૬૧ થી રૂ.૧૭૪૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૮૧૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) ઇન્ડસિન્ડ બેન્ક ( ૪૭૯ ) :- બેન્ક સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૭૩૭ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૧૬૯૩ થી રૂ.૧૬૮૭ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) એશિયન પેઈન્ટ્સ ( ૧૨૦૧ ) :- ટેક્નીકલ ચાર્ટ મુજબ પેઈન્ટ્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૨૧૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૧૮૭ થી રૂ.૧૧૭૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૨૧૯ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) એક્સીસ બેન્ક ( ૪૯૭ ) :- રૂ.૫૧૦ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૧૬ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૪૮૧ થી રૂ.૪૭૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૧૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# લક્ષ્મીપુરા પ્રા.શાળામાં શિક્ષક દિનની ઉજવણી




પ્રતિનિધિ કંબોઈ
કાંકરેજ તાલુકાની લક્ષ્મીપુરા પ્રાથમિક શાળામાં શિક્ષકદિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના ૪૭ જેટલા બાળકોએ શિક્ષકની ભૂમિકા નિભાવી હતી.જે પ્રસંગે શાળાના સ્ટાફ દ્વારા ભોજન આપવામાં આવ્યું હતું. બાદમાં એસ.એસ.એ દ્વારા ધો.૧ થી ૫ અને ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા અને બાળકવિ સ્પર્ધા યોજાઈ હતી. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે શિક્ષક મિત્રોએ જહેમત ઉઠાવી હતી.

# પાંચડા પે.કેન્દ્ર શાળામાં શિક્ષક દિનની ઉજવણી



પ્રતિનિધિ પાંચડા
વડગામ તાલુકાની પાંચડા પે.કેન્દ્ર શાળામાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધો.૮ માં અભ્યાસ કરતા પટેલ આર્યાબેન સુરેશભાઈએ આચાર્યની તથા નાઈ હર્ષકુમાર શાંતિલાલને ઉપાચાર્યની ભૂમિકા ભજવી હતી. શિક્ષકો તરીકે મોઢ કૌશિકાબેન બી. અને પરમાર હેતલબેન એમ. ભાઈ- બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ ભજવ્યો હતો. આ પ્રસંગે કુંભાર પાર્થ, રાવળ હાર્દિક સેવકની ભૂમિકા ભજવી હતી.

આ પ્રસંગના પ્રતિભાવ કાર્યક્રમ આયોજન દ્વારા શાળાના આચાર્ય નિલેશભાઈ પ્રજાપતિ, ગિરીશભાઈ ઠાકર, ઠાકોર ધુળાભાઈ, પરમાર જયંતિભાઈએ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# શ્રાધ્ધ પર્વ શરૂ થતાં શુભ કાર્યોને વિરામ

## શ્રાધ્ધ પક્ષમાં પિતૃઓનુ તર્પણ કરવાનું વિશેષ મહત્વ

પ્રતિ. વડાવળ
આપણી હિન્દુ સંસ્કૃતિ અને ધાર્મિક માન્યતાઓના પગલે વિવિધ પર્વો - તીથિઓ અને ઉત્સવોનું અનેરું મહત્વ રહેલું છે. આપણા પિતૃઓ અને ઋષિમુનિઓ દ્વારા સમય અને સંયોગ પ્રમાણે વિવિધ પર્વોની પરંપરાની ગોઠવણી કરી છે જેથી તેનું અનેરું મહાત્મય જળવાઈ રહેવા પામ્યું છે ભાદરવા માસના બીજા પખવાડિયાને શ્રાધ્ધ પક્ષ તરીકે મનાવવામાં આવે છે ગાડાની ગામઠી ભાષામાં તેને હરાદ પણ કહેવામાં આવે છે. જેથી ૧૬ દિવસના આ શ્રાધ્ધ પક્ષમાં શુભકાર્યો પર બ્રેક લાગી જતી હોય છે. શ્રાધ્ધ પર્વમાં પિતૃર્તપણ અને મૃતક સ્વજનોને પિંડદાન કરવામાં આવે છે. ત્યારે શ્રાધ્ધ પક્ષ શરૂ થતાં જિલ્લાભરમાં શુભ કાર્યો થંભી ગયા છે જેમાં લગ્ન વિવાદ ગૃહ પ્રવેશ, જમીન મિલ્કત ખરીદી, ચૌલક્રિયા સહિત અનેક શુભ કાર્યો ઉપર શ્રાધ્ધ પર્વ પૂરતી બ્રેક લાગી ગઈ છે શ્રાધ્ધ પર્વમાં માત્રને માત્ર પિતૃઓનુ તર્પણ આસ્થાળુઓ દ્વારા જુદા જુદા દિવસો મુજબ કરવામાં આવે છે અને પિતૃઓને તર્પણ કરી તેઓની કૃપા પામવા પ્રયત્ન કરવામાં આવે છે ભાદરવા સુદ ચૌદશના દીવસથી શરૂ થતાં શ્રાધ્ધ પક્ષ ૧૬ દિવસ સુધી મનાવવામાં આવે છે ત્યારબાદ નવરાત્રીના શુભ દિવસો આવતા લોકો તેની ખાસ રાહ જોતા હોય છે.

### સામૂહિક તર્પણ

**શ્રાધ્ધ પક્ષમાં ૧૬ દિવસ સુધી અલગ અલગ સ્થળે સામુહિક કાર્યક્રમ થકી પિતૃઓનુ તર્પણ થતું હોય છે આ ઉપરાંત નદી - તળાવ વગેરેના ઘાટ પર પણ પિતૃઓનુ વિશેષ તર્પણ થતુ હોય છે અંતિમ દિવસે બિનવારસી મૃતકોનું પણ કેટલાક સેવાભાવી અને તર્પણ કરી તેમના આત્માને મોક્ષ અપાવતા હોય છે. જિલ્લાના મોકેશ્વર ખાતે ખાસ કરીને સામૂહિક તર્પણ થાય છે.**

# ડીસાના ગાંધીચોક વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય

ડીસા
ડીસા શહેરના ગાંધીચોક વિસ્તારનું નામ મહાત્મા ગાંધીજીના નામથી પડયું છે અને સ્વચ્છતાના આગ્રહી એવા મહાત્મા ગાંધીના નામથી જ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ભારતભરમાં સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરી હતી. પરંતુ જેના નામથી જ સ્વચ્છતાની શરૂઆત થઈ છે તેના જ દ્વાર અત્યારે ગંદકીથી ખદબદી ઉઠ્યા છે. આ વિસ્તારમાં ગટરોનું પાણી જાહેર માર્ગો પર રેલાઈ રહ્યું છે. આ ઉપરાંત દુર્ગંધ મારતા કચરાના ઢગલા છે. ગાંધી ચોક વિસ્તાર શહેરની મધ્યમાં આવેલો વિસ્તાર છે અને દિવસ દરમ્યાન અસંખ્ય લોકો અવરજવર કરતા હોય છે.. ત્યારે આ વિસ્તારમાં લોકોને અસહ્ય દુર્ગંધનો સામનો કરવો પડી રહ્યો છે.. આ વિસ્તારના વેપારીઓએ આ અંગે ડીસા નગરપાલિકામાં અસંખ્ય રજૂઆત કરી હોવા છતાં ત્યાં તેમની રજૂઆત કોઈ જ સાંભળતું નથી. વર્ષમાં માત્ર બે દિવસ એટલે કે ૧૫ ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરીના રોજ આ વિસ્તારની સફાઈ થાય છે અને તેનું કારણ પાલિકા દ્વારા અહી કરવામાં આવતો ધ્વજ વંદન છે. ત્યારબાદના ૩૬૩ દિવસ આ વિસ્તાર ગંદકીમાં ખદબદતો જ હોય છે. એક તરફ ડીસા નગરપાલિકા શહેરને સ્વચ્છ બનાવવા માટે ઉંચી ઉંચી કિંમતોએ સફાઈના ટેન્ડર બહાર પાડીને ખાનગી કંપનીઓને કોન્ટ્રાકટ આપી રહી છે. તો બીજી તરફ સફાઈ પાછળ આટ આટલો ખર્ચ કરવા છતાં સફાઈના નામે મીડું જોવા મળી રહ્યું છે. ત્યારે હોવે આ માર્ગે તંત્ર દ્વારા સફાઈ કામ હાથ ધરવામાં આવે તેવી વેપારીઓની માંગ છે બીજી તરફ જો ગંદકીના કારણે રોગચાળો ફાટી નીકળે તો તેની પાછળ જવાબદાર કોણ જેવા અનેક સવાલ વેપારીઓમાં ચર્ચાઇ રહ્યા છે.

# ડીસા કોલેજમાં શિક્ષકદિનની ઉજવણી



ડીસા
ડી.એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં સાંસ્કૃતિક કમિટી દ્વારા ૫ મી સપ્ટેમ્બર ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વાણિજ્ય તેમજ વિનયન પ્રવાહના ૯૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ શિક્ષક બનવા ઉપરાંત આચાર્ય તથા સેવકભાઈ તરીકેની ફરજો નિભાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સાંસ્કૃતિક કમિટીના કન્વીનર પ્રા.કે.એમ. પટેલ, આચાર્ય ,અમૃતભાઈ પટેલ તથા કમિટીના તમામ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સહકાર પૂરો પાડ્યો હતો.

# ભાભર લાયન્સ કલબ દ્વારા પદયાત્રીઓ માટે સેવા કેમ્પ




તા.પ્રતિ. ભાભર
સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મંદિરે ભાદરવી પુનમે મહામેળો ભરાય છે.માં અંબાના દર્શન કરવા દુર દુરથી ભક્તો પગપાળા જઈને માના ચરણોમાં શીશ ઝુકાવીને ધન્ય બને છે.પગપાળા દર્શને જતા યાત્રીઓની સેવામાં વહિવટી તંત્ર પાંચ દિવસ ખડેપગે રાત-દિવસ સેવા આપે છે.તેની સાથે સાથે સેવાભાવી સંસ્થાઓ સેવાકેમ્પો કરીને સેવાકીય સુગંધ ફેલાવે છે.

ભાભરના લાયન્સ કલબ દ્વારા પણ અંબાજી પગપાળા યાત્રાએ જતાં પદયાત્રીઓને દવાનું વિતરણ કરીને સંસ્થાના પ્રમુખ, સભ્યો રાત-દિવસ જોયા વગર યાત્રીઓની સેવા કરીને લાયન્સ કલબની સેવાકીય સુવાસ ફેલાવી હતી.

# શ્રી સરસ્વતી શિશુમંદિર ભીલડીમાં શિક્ષક દિનની ઉજવણી




પ્રતિનિધિ ભીલડી
ગુજરાત વિદ્યાભારતી સંચાલિત શ્રી સરસ્વતી શિશુ મંદિર ભીલડી પ્રા.શાળામાં ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણ (ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ) ના જન્મ દિવસને શિક્ષક દિન તરીકે ઉજવાય છે. જેમાં ભીલડી ''શ્રી સરસ્વતી શિશુમંદિર'' માં પણ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. સ્કુલના આચાર્ય રમેશભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ સ્વયં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી અને શાળાના ૧૫ જેટલા વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધો હતો અને દિવસભર વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકે ભૂમિકા ભજવી હતી.

# શ્રી શિહોરી પે.કેન્દ્ર શાળા નં-૧ માં શિક્ષકદિનની ઉજવણી




પ્રતિ. શિહોરી
ગત તા.૫-૯-૨૦૧૭ ને મંગળવારના શ્રી શિહોરી પે.કેન્દ્ર શાળા નં.૧ તા.કાંકરેજમાં ડો.રાધાકૃષ્ણ સર્વપલ્લીના જન્મદિન નિમિત્તે શાળામાં શિક્ષકદિન યોજાયો. જેમાં શાળાના ધોરણ-૬ થી ૮ ના વિદ્યાર્થીઓ શિક્ષકો બની સંપૂર્ણ સંચાલન દિવસ દરમ્યાન કર્યું.ડાભી જયશ્રીબા વિષ્ણુભાએ આચાર્ય તરીકે સુંદર કામગીરી કરી શિક્ષકદિનમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય વાઘેલા નરેન્દ્રસિંહ દલપતસિંહ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા.

# વડગામ- ઈસ્લામપુરા નજીક પદયાત્રી સેવા કેમ્પ યોજાયો



વડગામ વરવાડીયા રોડ ઉપર રહેતા પટેલપુરા, પ્રજાપતિવાસ સહિત સર્વ સમાજના યુવાનો દ્વારા ''જય અંબે સેવા કેમ્પ'' માં અંબાજી જતાં પદયાત્રીઓને બુંદીનો પ્રસાદ, ઠંડા પાણીના પાઉચ પીરસવામાં આવ્યા હતા. ઉપરાંત વિસામાની સુંદર સગવડ કરાઈ હતી. છેલ્લા પાંચ વર્ષથી યુવાનો પદયાત્રીઓની સેવામાં ખડેપગે રહે છે.

# માલગઢ આદર્શ હાઈસ્કુલમાં ખેલમહાકુંભ અંતર્ગત ખો- ખોની સ્પર્ધા યોજાઈ

ડીસા
શ્રી મલાગઢ પ્રગતિ મંડળ સંચાલિત શેઠ શ્રી એલ.એમ.માળી આદર્શ હાઈસ્કુલ માલગઢ ખાતે જિલ્લા કક્ષાનો અંડર ૧૪,૧૭ અને ૧૯ ખેલ મહાકુંભ-૨૦૧૭ અંતર્ગત ખોખો સ્પર્ધાનું તા. ૫-૬/૯/૧૭ ના દિવસે યોજાઈ. આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લાના તમામ તાલુકામાંથી વિજેતા અને પસંદગીની ટીમો મળી-૯૦ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન શાળાના સંચાલક મંડળના પ્રમુખ સી.જી.પઢિયાર, વાલીમંડળના પ્રમુખ જે.બી.ગેલોત અને શાળાના ભૂતપૂર્વ પ્રમુખ ભગવાનજી ટાંક તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના આચાર્ય દેવરાજ આઈ. રાવલ દ્વારા ઉપસ્થિત મહેમાનો તેમજ ટીમ મેનેજરો અને પંચકાર્ય કરનાર સર્વ ખેલાડીઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. શાળાના પી.ટી. ટીચર અને કન્વીનર એમ.પી. પઢિયારે રમત ગમતના નિયમોનું વિસ્તારપૂર્વક માર્ગદર્શન આપ્યું. આ પ્રસંગે ડીસા તાલુકા પ્રાથમિક શાળાકીય રમતગમત કન્વીનર આર.પી. માળી તેમજ પંચકાર્યમાં કામ કરનારા ઈશ્વરભાઈ રાવળ, હરેશભાઈ પવૈયા, વસંતભાઈ પરમાર, રાણાભાઈ માળી, દિપકભાઈ પટેલ, ઘનશ્યામભાઈ ભાગોદર તેમજ દિપીકાબેન ખત્રીએ સુંદર કામગીરી બજાવી હતી. શાળાના બાળકો તેમજ ખેલાડીઓ માટે ભોજનની વ્યવસ્થા દાતા ભરતભાઈ પુનમાજી ટાંક દ્વારા કરવામાં આવી હતી.

# મીઠી પાલડીમાં ગણપતિ વિસર્જન કાર્યક્રમ યોજાયો




પ્રતિ. મીઠી પાલડી
દિયોદર તાલુકાના પાલડી - મીઠી મુકામે આવેલ દીપ ઈંગ્લીંશ એન્ડ ગુજરાતી મીડીયમ સ્કૂલમાં તા.૩/૯/૧૭ ના રોજ ગણપતિ વિસર્જન અને વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો અને વાલીઓએ હાજરી આપી હતી. સ્કૂલના આચાર્ય લક્ષ્મણસિંહ ભાટી ગણપતિ વિસર્જન નિમિત્તે વકતૃત્વ આપી વાલીઓને માહિતી આપી હતી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓએ અલગ અલગ વકતૃત્વ તથા શાળાના તેમના અનુભવો રજૂ કર્યો હતો. આવેલ તમામ લોકો તથા વિદ્યાર્થીઓને ગણપતિ બાપાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ ડી.જે.સાઉન્ડ સાથે સમગ્ર પાલડી ગામમાં વરઘોડો કાઢવામાં આવ્યો હતો. અને સરદારપુરા ગામે જઈ ત્યાં ખૂબ જ આનંદ ઉલ્લાસ સાથે ગણપતિ બાપાને પાણીમાં પધરાવવામાં આવ્યા હતા.

## બનાસકાંઠાના પૂરગ્રસ્તોની મદદ માટે....

# ગુજરાત અર્બન બેંક ફેડરેશન દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂા.૭૨.૩૮ લાખનો ચેક અર્પણ કરાયો

**સહકારી બેંક દ્વારા 'વિના સહકાર નહી ઉધ્ધાર' ને સાર્થક કરતા મુખ્ય મંત્રીએ આભાર માન્યો**



પ્રતિ. છાપી

ઉત્તર ગુજરાતના પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં તાજેતરમાં ભારે મેઘ તાંડવ સર્જાતા અનેક વિસ્તારોમાં વિનાશક પૂરના કારણે ભારે તબાહી સર્જાઈ હતી. જેથી મંગળવારે ગાંધીનગર ખાતે ગુજરાત અર્બન કો.ઓ. બેંક ફેડરેશન તેમજ સહકાર ભારતીના સંયુક્ત ઉપક્રમે રૂા.૭૨,૩૮ લાખનો ચેક મુખ્યમંત્રી રાહત ફંડમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને અર્પણ કરાયો હતો.

ગુજરાત અર્બન બેંક ફેડરેશન તેમજ સહકાર ભારતીના રાષ્ટ્રિય ચેરમેન જયોતિન્દ્ર મહેતા, પ્રદેશ અધ્યક્ષ કાંતિભાઈ પટેલ, ઉપપ્રમુખ ડોલરભાઈ કોટેચા સહિત ફેડરેશનના આગેવાનો અને ડીરેકટર ઉપસ્થિતિ રહી પાટણ અને બનાસકાંઠા જિલ્લાના લોકોને રાહત મળી રહે તે હેતુથી મા.મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને રૂા.૭૨,૩૮ લાખનો ચેક મુખ્યમંત્રી રાહત ફંડ માટે અર્પણ કર્યો હતો. ગુજરાતની સહકારી બેંકો દ્વારા ' વિના સહકાર નહી ઉધ્ધાર' ને સાચા અર્થમાં સાર્થક કરતા મુખ્ય મંત્રી એ ફેડરેશન તેમજ સહકાર ભારતીનો અભાર માન્યો હતો.

## મહિલા પત્રકારની હત્યાના વિરોધમાં..

# ડીસામાં આમ આદમી પાર્ટીએ આવેદનપત્ર આપ્યું



ભરત સુંદેશા

ડીસા

કર્ણાટકની નીડર મહિલા પત્રકાર સ્વ.ગૌરી લંકેશની નિર્મમ હત્યાના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસા ખાતે આમ આદમી પાર્ટીના કાર્યકરોએ પણ મીડીયા પત્રકારની હત્યાના વિરોધમાં ના. કલેક્ટરને આવેદનપત્ર આપી લોકશાહીના આધાર ગણાતા પત્રકારની હત્યામાં સામેલ અસામાજીક તત્વોને પકડી સખત સજા કરવાની માંગ કરી પત્રકારોને પુરતુ રક્ષણ આપવાની માંગ કરી હતી. વધુમાં પત્રકારો ઉપર હુમલાઓ વધી રહ્યાં છે. તેને ગંભીરતાથી લઈ કડક કાયદો ઘડવાની પણ માંગ કરી હતી. જે પ્રસંગે આમ આદમી પાર્ટીના ભેમાભાઈ ચૌધરી સહિત કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# અંકલેશ્વરમાં ગણેશ વિસર્જન માટે કૃત્રિમ જળકુંડની વ્યવસ્થા

### ભક્તોએ મોટા પ્રમાણમાં લાભ લીધો



પ્રતિનિધિ અંકલેશ્વર

ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર ખાતે ૨૦૧૨ થી ગણેશ વિસર્જન ઈકો કુંડ એટલે કે કૃત્રિમ કુંડોમાં કરવામાં આવે છે. ગત વર્ષ સુધી અંકલેશ્વર જીઆઈડીસીમાં ડી.પી.એમ. સી. ખાતે કૃત્રિમ કુંડમાં વિસર્જન કરવામાં આવતું હતું પણ ત્યાં ફાયર ફાઈટર વાળી જગ્યામાં લોકોને પાર્કિંગમાં મુશ્કેલી પડતી હતી અને એ ફાયર ફાઈટરની જગ્યા હોવાથી કોઈ પણ ઈમરજન્સી આવી શકે તેમ હતી તે માટે આ વખતે જગ્યા બદલીને ઈ.એસ. આઈ.સી. હોસ્પિટલની સામે જળકુંડમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. પર્યાવરણને નુકશાન થતું અટકાવવા માટે કૃત્રિમ કુંડમાં લોકોને વિસર્જન કરવાની અપીલ કરવામાં આવી હતી. ગત વર્ષે કરતાં આ વર્ષે ૧૦૦ જેટલી વધારે અને કુલ ૧૦૬૨ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જેમાં તારીખ ૨૬ મી ના રોજ ૨૯ મૂર્તિઓનું, તારીખ ૨૯ મી ના રોજ ૩૬૬ મુર્તિઓનું, તારીખ ૩૧ મી ના રોજ ૧૯૦ મૂર્તિઓનું, તારીખ ૨ મી રોજ ૧૧ મૂર્તિઓનું, તારીખ ૩ મી ના રોજ ૩૮ મૂર્તિઓનું, અને તારીખ ૫ મી ના રોજ ૩૫૫ મૂર્તિઓનું, વિસર્જન કરવામાં આવ્યું હતું. ચાલુ વર્ષે અંકલેશ્વર શહેરમાં જળકુંડના કૃત્રિમ કુંડમાં ૧૩૮ નાની અને ૮૪ મોટી મળી કુલ ૨૨૨ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. પાનોલી ખાતે ૮૦ થી વધુ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

# અંબાજી મેળો પૂર્ણ થતાં સફાઈ અભિયાન હાથ ધરાયુ



પ્રતિ. અંબાજી

ભાદરવી પૂનમ મહામેળો ૨૦૧૭ જગદ જનની મા અંબાની કૃપાથી સુખરૂપ સંપન્ન થયો છે. અંદાજીત ૨૭ લાખથી વધુ માઈભક્તો માના શરણે દર્શન કરી ધન્યતા અનુભવી છે. જિલ્લા કલેક્ટર અને અધ્યક્ષ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી, દિલીપ રાણા (આઈ.એ.એસ.) ના માર્ગદર્શન મુજબ અને વહીવટદાર અને નાયબ કલેક્ટર આર.કે.પટેલ (જી.એ.એસ.) તથા સિવિલ ઈજનેર અને હિસાબી અધિકારી જી.એલ. પટેલની આગેવાની હેઠળ ગતરોજ તારીખ ૦૭/૦૯/૨૦૧૭ ના રોજ બે (૨) દિવસ અંબાજી આસપાસના વિસ્તારો માટે સઘન સફાઈ આરંભ કરવામાં આવી છે. દેવસ્થાન ટ્રસ્ટના કર્મચારીઓની જુદી જુદી ટીમો બનાવીને ઓલ ઈન્ડિયા ગ્લોબલ સર્વિસીસ પ્રા.લી. મુંબઈના સ્ટાફ અને સુપરવાઈઝર સાથે મળીને કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં સફાઈ ઉપરાંત વિવિધ જગ્યાએ દવાનો છંટકાવ પણ કરવામાં આવ્યો હતો. બનાસકાંઠા જિલ્લાની હદ સુધીના મુખ્ય માર્ગો, પદયાત્રીઓના રસ્તાઓ, તેમજ અંબાજી ગામના મુખ્ય રસ્તાઓ, ગબ્બર જવાના માર્ગોની સફાઈ ઝુંબેશ કરવામાં આવી રહી છે. ૫૬૦ જેટલા સફાઈ કર્મી, ૧૨ ટ્રેક્ટર, ૧ જે.સી.બી. દ્વારા સફાઈ અભિયાન કરવામાં આવી રહ્યું છે. આ સ્વચ્છતા અભિયાન બે દિવસ સુધી કરવામાં આવશે. તારીખ ૯/૯/૨૦૧૭ ના મંદિર ટ્રસ્ટ દ્વારા અંબાજી મંદિરનું પ્રક્ષાલન પણ કરવામાં આવશે.

# ભાજપ કિસાન મોરચા બનાસકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાના કારોબારી સભ્યોની વરણી

તા.પ્રતિનિધિ ધાનેરા

બ.કાં. જિલ્લા ભાજપના સંગઠન પ્રભારી, દુષ્યંતભાઈ પંડ્યા, જિલ્લા પ્રમુખ કેશાજી ચૌહાણ, જિલ્લા મહામંત્રી અમરતભાઈ દવે, ભારતસિંહ ભટેસરીયા, ઉમેદદાન ગઢવી, તેમજ કિસાન મોરચાના જિલ્લા પ્રમુખ ભગવાનદાસ પટેલ સાથે પરામર્શ કરી, તેમજ તેમના માર્ગદર્શનથી બ.કાં. જિલ્લાના તાલુકા વાઈઝ કિસાન મોરચાના કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી તથા સેલની પણ રચના કરવામાં આવી છે.

જેમાં ધાનેરા તાલુકામાં પ્રમુખ ઠાકોર વિજુભા બલવંતજી, મહામંત્રી કાલોર અરજણભાઈ જગશીભાઈ, ઉપપ્રમુખ પટેલ આંબાભાઈ વિહાભાઈ, ઉપપ્રમુખ દેવડા સબુસિંહ હરિસિંહ, પટેલ અજાભાઈ ગોકળાભાઈ, મંત્રી પુરોહિત બાબુભાઈ ઓખાજી, મંત્રી મોદી મહાદેવભાઈ જીવાભાઈ, ખજાનચી રાજપુત મહેન્દ્રસિંહ જવારાજી.

ધાનેરા શહેરમાં પ્રમુખ રાજપુત ઈશ્વરસિંહ તગાજી, મહામંત્રી પટેલ બાબુલાલ મઘાભાઈ, ઉપપ્રમુખ સોલંકી પ્રતાપભાઈ ભીખાભાઈ, ઉપપ્રમુખ મોદી રામાભાઈ ચેલાભાઈ, મંત્રી જેજા અજાજી લાખાજી, મંત્રી માજીરાણા મફાજી ચેનાજી, મંત્રી ચૌધરી સવદાનભાઈ જોધાભાઈ, મંત્રી ચૌધરી હીરાભાઈ તલકાભાઈ અને ખજાનચી પટેલ નીલાભાઈ ગોવાભાઈની વરણી કરાઈ છે.

જ્યારે પાલનપુર શહેર કિસાન મોરચામાં પ્રમુખ જયંતિભાઈ એમ. પઢિયાર, મહામંત્રી દલપતભાઈ પટેલ, ઉપપ્રમુખ હરીભાઈ કે. ચૌધરી, ઉપપ્રમુખ ઉપેન્દ્રભાઈ જી.મિસ્ત્રી, મંત્રી રાજેશભાઈ બી. સોલંકી, મંત્રી મેહુલભાઈ એસ.સૈની, મંત્રી હરજીભાઈ એચ. પટેલ, મંત્રી દિપકભાઈ બી. પ્રજાપતિ,

અનુસંધાન પાના નં.૬

# દીઓદર તાલુકા સંઘમાં વ્યક્તિ સભ્યો બિન હરીફ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકા ખરીદ વેચાણ સંઘના વ્યવસ્થાપક સમિતિની મુદત પૂર્ણતાના આરે હોઈ ટુંક સમયમાં ચુંટણીઓ યોજાવાની છે.તે દરમ્યાન તાલુકા સંઘના વ્યક્તિ પ્રતિનીધીઓની નિમણુંક માટેની હાલે પ્રક્રિયા ચાલી રહી છે.જેમાં દીઓદર તાલુકા સંઘના વ્યક્તિ સભ્ય મતદાર વિભાગ-૩માં ડેલીગેટ ગૃપ ૧ થી ૧૩ માટેની ચુંટણી યોજાયેલ જેમાંથી પાંચ સીટ માટે માત્ર પાંચ જ ફોર્મ ભરાયેલ.

વ્યક્તિ પ્રતિનિધીમાં તાલુકા સંઘમાં અગાઉ ૩ સીટો હતી જે હવેથી પાંચ સીટો કરવામાં આવી છે.આમ હવે માત્ર પાંચ ફોર્મ ભરાતા આ તમામ સદસ્યો વાઘેલા ગણપતસિંહ ભમરસિંહ, રાજપૂત ખેંગારજી વાઘાજી, તરક ઈશ્વરભાઈ જેવતાભાઈ, ભેદરૂ વક્તુબેન માલાભાઈ,પટેલ કમીબેન ચતરાજી બિનહરીફ થવા પામેલ. તેઓ તાલુકા સંઘની ચુંટણીઓ જયારે યોજાશે ત્યારે પાંચ સીટ માટે માત્ર પાંચ ઉમેદવારો હોઈ તાલુકા સંઘના વ્યક્તિગત ડીરેક્ટર તરીકે બિન હરીફથયા.

તાલુકા સંઘના વ્યક્તિ પ્રતિનિધિઓને બિન હરીફ કરવા તાલુકા સંઘના ચેરમેન ઈશ્વરભાઈ તરક, વા.ચેરમેન વનરાજસિંહ વાઘેલા સહિત તાલુકાના સહકારી આગેવાનોએ પ્રયાસો કરેલ.ચૂંટણી અધિકારીએ તાલુકા સંઘના મેનેજરશ્રી ડી.એ.દૈયાએ પાંચેય ઉમેદવારોને બિનહરીફ જાહેર કરેલ.તાલુકા સંઘના વર્તમાન ચેરમેન ઈશ્વરભાઈ તરક પણ આમાં બિન હરીફ થવા પામેલ છે.

# ચીભડામાં નર્મદા મહોત્સવનું સ્વાગત




અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકામાં હાલે નર્મદા મહોત્સવનો રથ ફરી રહ્યો છે જે તા.૬ના રોજ ચીભડા મુકામે આવતાં ભવ્ય સ્વાગત કરવામાં આવેલ.ત્યારબાદ નર્મદા રથના વધામણાં તથા આરતી ઉતારવામાં આવેલ.

ત્યારબાદ ઉપસ્થિત રાજય મંત્રીશ્રી કેશાજી ચૌહાણે જણાવેલ કે આપણા વિસ્તારમાં પાણીની સવલત ન હોઈ લોકોને હીજરત કરવી પડતી હતી.હવે નર્મદાનું પાણી આવતાં લોકોને બહાર જવાનું બંધ થયું અને અહીં બેઠા સારૂ કમાઈ શકે છે.તા.પં.ના પ્રમુખ ઉત્તમસિંહ વાઘેલા,જીલ્લા મંત્રી ચતરાભાઈ પટેલ, ભીખીબેન વોરા,દેહળાજી ઠાકોર, ઉકાભાઈ રાજપૂત સહિત ભાજપના પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહેલ. સરપંચ પૃથ્વીરાજસિંહ વાઘેલાએ સૌને આવકારેલ. જ્યારે કાર્યક્રમનું સંચાલન ભાજપના ઉપપ્રમુખ ખેંગારભાઈ રાજપૂતે કરેલ.

# જિલ્લા ભાજપ વિધાનસભા પ્રભારી - સહ પ્રભારીની નિમણુંક

ડીસા

ભારતીય જનતા પાર્ટી, બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ, પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ, રાજ્ય સરકાર મંત્રી શંકરભાઈ ચૌધરી, જિલ્લા પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા સાથે પરામર્શ કરી આગામી વિધાનસભાની ચૂંટણી માટે વિધાનસભા પ્રભારી-સહ પ્રભારીની નિમણુંક કરેલ છે. જેમાં દાંતા વિધાનસભામાં પ્રભારી ગજેન્દ્રભાઈ સકસેના, સહપ્રભારી રાજુભાઈ ડાભી, વડગામ વિધાનસભામાં પ્રભારી કેશરભાઈ વાયડા, સહપ્રભારી પ્રવિણસિંહ રાણા, સહપ્રભારી જયેશભાઈ દવે, પાલનપુર વિધાનસભામાં વસંતભાઈ પ્રભારી વસંતભાઈ પુરોહિત, સહપ્રભારી મુકેશભાઈ શ્રીમાળી, સહપ્રભારી નિલેષભાઈ મોદી, ધાનેરા વિધાનસભામાં પ્રભારી ગુમાનસિંહ ચૌહાણ, સહપ્રભારી જગદીશભાઈ પટેલ, સહપ્રભારી ગણપતભાઈ રાજગોર, ડીસા વિધાનસભામાં પ્રભારી અમૃતભાઈ દવે, સહપ્રભારી સુમેરસિંહ વાઘેલા, સહપ્રભારી રસિકજી ઠાકોર, દિયોદર વિધાનસભામાં પ્રભારી ભારતસિંહ ભટેસરીયા, સહપ્રભારી બાબરાભાઈ પટેલ, સહપ્રભારી મહેશભાઈ મોદી, થરાદ વિધાનસભામાં પ્રભારી ઓખાભાઈ પટેલ, સહપ્રભારી દાનાભાઈ માળી, વાવ વિધાનસભામાં પ્રભારી ઉમેદદાન ગઢવી, સહપ્રભારી નરેશભાઈ અખાણી, કાંકરેજ વિધાનસભામાં પ્રભારી રાણાભાઈ દેસાઈ, સહપ્રભારી ડાહ્યાભાઈ પીલીયાતર, સહપ્રભારી હરગોવનભાઈ જોષી (શિરવાડીયા) ની નીમણુંક કરાઈ હતી.

## રોગચાળાનો વિકટ પરિસ્થિતિમાં..

# વાવ રેફરલના ત્રણે મેડીકલ ઓફીસરોની ઉમદા સેવા



વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

જુલાઈ ૨૦૧૭ માં વાવ પંથકમાં અતિભારે વરસાદ અને પાણીના વધુ પડતા પ્રવાહથી રોગચાળાનું પ્રમાણ વધી જતાં સરકારી અને પ્રાઈવેટ દવાખાનાઓ દર્દીથી ઉભરાઈ ગયા હતા. જોકે વાવ રેફરલ હોસ્પિટલમાં જુલાઈ - ઓગસ્ટમાં રોજીંદુ ૩૦૦ થી વધુ ઓ.પી.ડી. કેસો ઉપરાંત ૧૦૦ થી વધુ લેબોરેટરી કેસો નોંધાતા હતા. ત્યારે રોગચાળાની અતિ વિકટ પરિસ્થિતિમાં રેફરલના ત્રણે મેડીકલ ઓફીસરોમાં ડો.ઈશ્વરભાઈ એમ.મકવાણા, ડો.જી.જી. ચૌહાણ અને ડો.ગૌસ્વામીએ ચોવીસ કલાક ખડેપગે હાજર રહી દર્દીઓને ઉમદા સેવા આપી હતી. રોગચાળાની આવી વિકટ પરિસ્થિતિમાં પણ અકસ્માત, ઝેરી જીવજંતુ કરડવાના કિસ્સા ઉપરાંત

અનુસંધાન પાના નં.૬

# મુડેઠા સરકારી માધ્યમિક શાળામાં સરસ્વતી સાધના અંતર્ગત સાયકલ વિતરણ



સાદુલસિંહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા

ડીસા તાલુકાના મુડેઠા સરકારી માધ્યમિક શાળા ખાતે સરસ્વતી સાધના અંતર્ગત ધો.૯માં અભ્યાસ કરતી. વિદ્યાર્થીઓને સાઈકલ આપવામાં આવી હતી. જેમાં મુડેઠા ગામના સરપંચ કાન્તીજી રાઠોડના હસ્તે ધો.૯ ની વિદ્યાર્થીની ઓને સાઈકલ વિતરણ કરાયું હતું.

# જલોત્રામાં જય અંબે નવયુવક મંડળ દ્વારા પદયાત્રિકોની સેવા

જુનાડીસા

ડીસા તાલુકા સૌથી મોટા શિક્ષિત ગામ જૂનાડીસા અને ગોકુળિયા ગામ ધરપડાના સંયુક્ત ઉપક્રમે અંબાજી જતા માઈ ભક્તો માટે સતત ૧૨ મા વર્ષે જય અંબે નવયુવક મંડળના નેજા નીચે જલોત્રા ગામે પદયાત્રી સેવા કેમ્પ યોજાયો હતો. વિશાળ શામિયાણામાં ચા- પાણી, લીબું શરબત, પગરખાં રિપેરિંગ, મેડીકલ સેવા અને સ્વાદિષ્ટ ખીચડી - કઢીનો પ્રસાદ તેમજ આરામ વ્યવસ્થાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મેળા દરમિયાન હજારો માઈભક્તોએ આ કેમ્પનો લાભ લીધો હતો.

જૂનાડીસાના અગ્રણી રમેશભાઈ બી. મહેતાના જણાવ્યા મુજબ, 'ભક્ત વત્સલ ભગવાન' એ ઉક્તિને સાર્થક કરતા પગપાળા જતા માઈભકતોમાં સ્વયં જગદંબા વિદ્યમાન છે તેવી હૃદયની શુદ્ધ ભાવનાથી અતિ નમ્રતાભાવે તો સેવા કાર્ય કરે જ છે.

અનુસંધાન પાના નં.૬

# ડીસા માર્કેટયાર્ડ ખાતે ઈ - નામ યોજના અંગે તાલીમ વર્ગ યોજાયો

**તાલુકાના પ્રગતિશીલ ખેડૂતો અને વેપારીઓ હાજર રહ્યા**



ભરત સુંદેશા

ડીસા

નેશનલ એગ્રીકલ્ચરલ માર્કેટ (ઈ- નામ) યોજનાની ખેડૂતો તેમજ વેપારીઓને માહિતી મળી રહે તે માટે ડીસા માર્કેટયાર્ડ ખાતે જાગૃતિ તાલીમ શિબિર યોજાઈ હતી. જેમાં ડીસા તાલુકાના પ્રગતિશીલ ખેડૂતો અને વેપારીઓને જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા માહિતી આપવામાં આવી હતી.

ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતી શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા ( ડીસા માર્કેટયાર્ડ) ને સરકાર દ્વારા ઈ - યોજનામાં સામેલ કરી દેવામાં આવી છે. જેથી ડીસા માર્કેટયાર્ડના ખેડૂતો તેમજ વેપારીઓ પોતાનો માલ ઘેર બેઠા ઓનલાઈન લે - વેચ કરી શકે તે માટે ઈ - નામ યોજના અમલમાં મુકવામાં આવી છે. જેથી ખેડૂતો તેમજ વેપારીઓમાં ઈ - નામ યોજનાની જાણકારી મળી રહે તે માટે ગુરૂવારે ડીસા માર્કેટયાર્ડ વેપારી એશોશીએશન હોલ ખાતે માર્કેટયાર્ડના ચેરમેન અને બનાસ ડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા રજીસ્ટ્રાર એચ.બી. રાણાની ઉપસ્થિતિમાં જનજાગૃતિ શિબિર રાખવામાં આવી હતી. જેમાં ડીસા તાલુકાના પ્રગતિશીલ ખેડૂતો તેમજ વેપારીઓને જિલ્લા રાજીસ્ટ્રાર એચ.બી.રાણા દ્વારા ઈ - નામ યોજના અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

અનુસંધાન પાના નં.૬

# વડગામ તાલુકાના પાંચડા આંગણવાડી ખાતે કિટ વિતરણ કાર્યક્મ યોજાયો

પ્રતિનિધિ પાંચડા

વડગામ તાલુકાના પાંચડા ઓગણવાડી ખાતે ધાત્રિ બહેનો, સગર્ભા બહેનો, કિશોરી બહેનો અને ૭ માસ થી ૨ વરસના બાલકોને આહારની કિટ વિતરણ કાર્યક્મ બનાસકાંઠા જિલ્લા ભાજપા અગ્રણી અને નરેન્દ્ર મોદી વિચાર મંચના ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી મુકેશભાઈ દરજીના અધ્યક્ષસ્થાને યોજાયો.

આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા ભાજપા અગ્રણી અને નરેન્દ્ર મોદી વિચાર મંચના ઉપાધ્યક્ષ શ્રી મુકેશભાઈ દરજી, ડેપ્યુટી સરપંચ શ્રી દિનેશજી ઠાકોર, ભાજપા કાર્યકર માવજીભાઈ પરમાર, લલિતભાઈ મોઢ, પ્રહલાદભાઈ નાઈ, રણજીતસિંહ રાજપૂત, ગોવિંદજી ઠાકોર વગેરે ભાજપા કાર્યકરો ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમનુ સફલ સંચાલન ઓગણવાડી કાર્યકર રેખાબેન મેવાડા એ કર્યું હતુ.

ભાજપા અગ્રણી શ્રી મુકેશભાઈ દરજી એ ભાજપા સરકારની લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી આપી હતી.

# અંબાજી આશ્રમ સણાદર ધામે ભાદરવી પૂનમનો મેળો ભરાયો

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદરથી માત્ર ૩ કી.મી.ના અંતરે આવેલ અને મિનિ અંબાજી ધામ તરીકે ઓળખાતા સણાદર અંબાજી ધામમાં ભાદરવા સુદ -૧૫ના રોજ ભવ્ય ભાતીગળ લોક મેળો ભરાયો હતો.આ પ્રસંગે મોટી સંખ્યામાં દુર - દુરથી લોકો પગ પાળા ચાલતા મા અંબાના ધામમાં આવી પહોંચ્યા હતા.ચૌદસની રાત્રે દીઓદરથી સણાદર તેમજ ખીમાણાથી દીઓદર રોડ ઉપર જય અંબેના ઘોષ સાથે માઈ ભક્તોનો રાત્રી દરમ્યાન સારો એવો ઘસારો રહેવા પામેલ.દર વર્ષે ભાદરવી પૂનમે સણાદર ધામે મોટી સંખ્યામાં લોકો દર્શનાર્થે આવે છે.આ વર્ષે પણ ખૂબ જ લોકો મા અંબાના ધામે દર્શન માટે પધારેલ. રસ્તામાં પગ પાળા આવતા યાત્રીકો માટે દીઓદર ભારત વિકાસ પરિષદ,

અનુસંધાન પાના નં.૬

**ડીસા નગરપાલિકા**

**ઇ-ટેન્ડર નોટીસ**

આથી જાહેર બાંધકામ વિભાગના માન્ય કોન્ટ્રાકરોની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કાન્ટ્રાકટરોને (પેવર પ્લાન્ટ ધરાવતા) જણાવવાનું કે, ડીસા નગરપાલિકા વિસ્તારમાં ભારે વરસાદના કારણે નુકશાન પામેલ અલગ અલગ વિસ્તારના રસ્તાઓમાં પેચવર્ક / રીસરફેસીંગ / મજબૂતી કરણના અંદાજી રૂા.૪૦/- લાખના કામો તાત્કાલિક ધોરણે કરાવવાના હોઇ આ અંગે ઇ-ટેન્ડરીંગથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગે વિગતવાર માહિતી www.nprocure.com ઉપર મેળવવા વિનંતી છે.

નં.ન.પા.બાંધકામ/સ્વ.જ.મુ.મં.શ.વિ.યો/વશી સને ૨૦૧૭/૧૮

નગરપાલિકા કચેરી

ડીસા તા.૦૭-૦૯-૨૦૧૭

મુખ્ય અધિકારી
ડીસા નગરપાલિકા

**જાહેર પ્રસિધ્ધીની નોટીસ**

અરજદારના વિ.વ.કે.બી.ઠાકોર
આંક -
ભાભરના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી એ.આર.સોની સાહેબની કોર્ટમાં,
મુ.ભાભર
ક્રિ.પર.અ.નં.૪૮/૨૦૧૭

અરજદાર : રાઠોડ કેશીબેન મેવાજી, રહે.તનવાડ, તા.ભાભર, જિ.બનાસકાંઠા
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ - મરણ નોંધણી અધિકારીશ્રી, તનવાડ, ગ્રામ તાલુકા પંચાયત બેડા
અરજ : જન્મ - મરણ અધિનીયમની કલમ : ૧૩(૩) મુજબ જન્મ - મરણ રજીસ્ટરે નોંધણી કરવા બાબત

આથી લાગતા વળગતા તમામ ઈસમોને જાહેર નોટીસથી જણાવવાનું કે, ઉપરોક્ત રાઠોડ કેશીબેન મેવાજી રહે.તનવાડ, તા.ભાભર, જિ.બનાસકાંઠાના પતિ નામે ઠાકોર મેવાજી માધુજીનું મરણ તા.૩૦-૧૨-૨૦૧૨ ના રોજ તનવાડ મુકામે તેઓના ઘરે થયેલ છે. તેઓના મરણની નોંધ જે તે સમયે સંબંધિત કચેરીના દફતરે કરાવેલ ન હોવાથી આ કામના સામાવાળાના દફતરે તેના મરણની નોંધ કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં વિ.વ.શ્રી મારફતે અરજ કરેલ છે. જો કોઈ ઈસમ કે ઈસમોને અરજીમાં માંગ્યા મુજબની મરણની નોંધ થવા સામે કોઈપણ પ્રકારનો વાંધો યા તકરાર હોય તો તેવા વાંધા સાથે જાતે અથવા માહિતગાર વકીલ મારફતે અત્રેની કોર્ટમાં મુ.તા.૨૫-૦૯-૨૦૧૭ ના કલાક ૧૦-૩૦ વાગે હાજર રહી લેખિતમાં વાંધા રજુ કરવા અન્યથા અરજીમાં માંગેલ દાદ અન્વયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ તા.૩૧ મી માહે ઓગસ્ટ સને ૨૦૧૭ ના રોજ અમારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (એન.એચ.કેવલિયા) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર (જી.બી.પરમાર) આસીસ્ટન્ટ | હુકમથી (વી.ડી.દવે) રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ભાભર

**NOTIFICATION**
**PENSION ADALAT 2017**

The Pension Adalat - 2017 will be held on 15/12/2017 (Friday) at Western Railway Headquarters Office Churchgate, Divisional Offices and in Workshops. The employees, who have retired from Western Railway and have grievances regarding non payment of settlement dues, may send their representations (in triplicate) in detail to the respective Personnel Officer of the office/unit from where they have finally retired from service, i.e. Chief Personnel Officer for Headquarters, Sr. DPOs for Divisions and CWMs for Workshops. The representation should indicate the Name, Designation, Grade and Date of Appointment, Date of Retirement and Pension Payment Order(PPO) number, Mobile Number etc. and the nature of grievance. Copies of the relevant documents may be also be enclosed with the representation. The last date for Submission of Representations is 31/10/2017.

Western Railway

Like us on: facebook.com/WesternRly Follow us on: twitter.com/WesternRly

## તંત્રી સ્થાનેથી ...

**જે લોકો સફળ નથી થયા એ જ લોકો સફળતાનું રહસ્ય જાણે છે.**

# ત્રાસવાદ સંદર્ભે ભારતને 'બ્રિક્સ' રાષ્ટ્રોનું સમર્થન

ભારત ચીન અને અમેરિકા બંને રાષ્ટ્રો સામે તમામ ક્ષેત્રે સંબંધો સ્વચ્છ અને સારા રાખે છે. પંરતુ ક્યારેક ચીન પાકિસ્તાનની જેમ નફફટાઈ પર ઉતરી આવતું હોય છે. તે બાબત બંને રાષ્ટ્રોને નુકસાનકર્તા છે. ધંધાકીય ક્ષેત્રે આગળ આવવા પ્રત્યેક રાષ્ટ્ર આજે પોતાના સિધ્ધાંતો મુજબ પ્રયાસો કરે છે. જે વિકાસશીલ રાષ્ટ્રો છે તેની વાત અલગ છે. તે રાષ્ટ્રો તમામ ક્ષેત્રે ભારે પરિશ્રમ પરિશ્રમ કરી રહ્યા છે. અને આગળ આવી રહ્યા છે. દ.આફ્રિકા, જાપાન અને બીજા રાષ્ટ્રો નવી ટેકનોલોજીનો ઉપયોગ કરતા થયા છે. વર્તમાન સમયમાં ચીન અને ભારત એશિયા વિસ્તારની બે મહાસત્તાઓ છે. બંને રાષ્ટ્રો પરમાણુ શસ્ત્રોનો જથ્થો રાખે છે. ચીન પછી ભારત વિશ્વની ત્રીજા નંબરની સૌથી વિશેષ આર્થિક તાકાત ગણાય છે. ત્યારે બંને રાષ્ટ્રોએ એકબીજા પર હુમલો કરવાનો વિચાર કરવો તે સભ્ય રાષ્ટ્રો માટે ઠીક તો ન જ કહેવાય.

ભારત હંમેશા લોકશાહી પ્રક્રિયામાં માને છે અને સાથે સાથે આંતરરાષ્ટ્રીય નીતિ નિયમોને અનુસરે છે. ભારતનું વલણ હંમેશા ઉદાર રહ્યું છે. કાયદો અને વ્યવસ્થા જાળવવામાં ભારત અગ્રેસર હોવાનું મનાય છે, અ ને હાલમાં પણ સરહદી વિસ્તારોમાં પાકિસ્તાન કદાચ કુટિલ નીતિનો ઉપયોગ કરતું આવ્યું છે. પરંતુ ભારત નિયમો અનુસાર જ સરહદ પર કાર્યવાહી કરતું આવ્યું છે.

ચીન એક વાત જાણે છે કે ભારત સાથે લાંબા ગાળે દુશ્મનાવટથી કોઈ ફાયદો નથી. ભારતની વિકાસ યાત્રાને ચીને આવકારી છે અને કદાચ બંને રાષ્ટ્રોના સંબંધો વધુ મજબુત થાય તેવું જણાય છે. ચીન હંમેશા આંતરરાષ્ટ્રીય નીતિ નિયમોની ઐસી- તૈસી કરીને દુનિયાના સત્તર જેટલા રાષ્ટ્રો સાથે સરહદી અને દરિયાઈ વિવાદ ઉભા કરીને પોતાની લશ્કરી તાકાત દર્શાવવામાં માહિર છે.

હમણા ભારત સાથે સિક્કિમ સરહદે ... મોરચો ખોલ્યો હતો. જેના પગલે નેપાળ- ભુતાન અને ભારત સહિત ત્રણે રાષ્ટ્રોમાં તંગદિલી સર્જાઈ હતી.

ચીને હમણા વિદેશી માધ્યમો દ્વારા એવી દલીલ વહેતી મુકી છે કે, જો ભારત ભૂતાનની સરહદે ચીનના સડક નિર્માણ કાર્યમાં દખલગીરી કરશે તો આવનારા દિવસોમાં કાશ્મીર મુદ્દે ચીન ભારતને સમર્થન આપી શકે છે!!

જોકે ભારત ચીનની ધમકીથી ડર્યું નથી અને ડરશે પણ નહિં, પરિણામે બ્રિક્સ(બ્રાઝિલ, રશિયા, ચીન ઈન્ડિયા અને સાઉથ આફ્રિકા) શીખર પરિષદ અગાઉ ચીને ભારત સાથે સમાધાનકારી વલણ અપનાવી લશ્કરી ટેન્શન ઓછું કરી ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ચીનમાં આવવાનો માર્ગ પ્રશસ્ત કરી આપ્યો.

આ અગાઉ ચીને 'વન બેલ્ટ વન રોડ' ના મુદ્દે યોજેલી આંતરરરાષ્ટ્રિય શિખર પરિષદનો ભારતે ... બહિષ્કાર કર્યો હતો અને પરિણામે ચીનને શરમજનક સ્થિતિમાં મુકાવો પડ્યું હતું. એ ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે ચીને ભારત સાથે હાલ પુરતા સંઘર્ષને ભુલી દોસ્તીનો હાથ લંબાવ્યો છે, અને શાંતિ- સહકારની વાતને આગળ વધારી છે. આથી પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું છે. કેમ કે બ્રિક્સ બેઠકમાં ત્રાસવાદ અંગે ભારતને પુરેપુરૂ સમર્થન મળ્યું છે.

## ઈમરાન હાશ્મી કેન્સર પરની ડોક્યુમેન્ટરી ફિલ્મમાં રહેશે

મુંબઈ

દેશમાં એક ચાહક વર્ગ ધરાવનાર અને બોલિવુડમાં સિરિયલ કિસર તરીકે જાણીતો રહેલો ઈમરાન હાશ્મી હવે કેન્સર પર એક દસ્તાવેજી ફિલ્મમાં કામ કરી રહ્યો છે. જો કે ઈમરાને કહ્યુ છે કે આ પ્રકારના પ્રોજેક્ટ પર કામ કરવાની બાબત હમેંશા ફિલ્મ કરતા વધારે મુશ્કેલરૂપ રહે છે. કારણ કે તેની કોમર્શિયલ વેલ્યુને લઇને હમેંશા શંકા રહે છે. ધ સી વર્લ્ડ નામ પરથી આ ડોક્યુમેન્ટરી ફિલ્મનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. ડોક્યુમેન્ટરી પ્રથમ પ્રાથમિકતા છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે પોતાના પુત્રને કેન્સરની અસર થઇ ત્યારે ઈમરાન ભારે મુશ્કેલ તબક્કામાંથી બહાર નિકળ્યો હતો. પોતાના પુત્ર અયાનને કેન્સરની સારવારમાં ઈમરાને કોઇ કમી રાખી ન હતી. તેનુ કહેવુ છે કે હમેંશા લોકો ડોક્યુમેન્ટરીની કોમર્શિયલ વેલ્યુની વાત કરતા રહે છે. ફેબ્રુઆરી ૨૦૧૦માં જન્મેલા અયાન ઈમરાન અને તેમની પત્નિ પરવીનનો પ્રથમં બાળક છે. વર્ષ ૨૦૧૪માં ઈમરાન હાશ્મીનો પુત્ર માત્ર ચાર વર્ષનો હતો ત્યારે તેમાં કેન્સરના લક્ષણ દેખાયા હતા. પ્રથમ તબક્કાના કેન્સરમાં હોવાની બાબત સપાટી પર આવ્યા બાદ ઈમરાન હચમચી ઉઠ્યો હતો. તરત સારવાર શરૂ કરવામાં આવી હતી. તે હવે સ્વસ્થ થઇ ચુક્યો છે. ઈમરાન આ તમામ અનુભવને લઈને એક પુસ્તક પણ લખી ચુક્યો છે.

## આ નવરાત્રિમાં સેલિબ્રિટીઓ તમને શોપિંગ ડેટ પર લઈ જશેઃ અમદાવાદ ટાઈમ્સ કહે છે

નવરત્રિ અમદાવાદમાં સૌથી લોકપ્રિય તહેવારમાંથી એક છે, જે નવ દિવસ દેવી દુર્ગાની પૂજા કરવામાં આવે છે. આખું ગુજરાત રાજ્ય દેવી દુર્ગા અને તેના સંતાનનું સ્વાગત કરવા માટે સુસજ્જ છે. આ વર્ષે ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનું અવ્વલ દૈનિકની મનોરંજન અને લાઈફસ્ટાઈલ પુરવણી અમદાવાદ ટાઈમ્સે નવી ઝુંબેશ શોપ વિથ ધ સ્ટાર્સ રજૂ કરી છે, જે આ ઉજવણીના નવ દિવસોમાં અમદાવાદમાં તહેવારની ખુશીઓમાં વધુ ઉમેરો કરશે. ફેશન અને ફેસ્ટિવલ્સ ભારતનું અવિભાજય અંગ છે. આવા સંજોગોમાં નવરાત્રિમાં શોપિંગ પણ અમદાવાદમાં દરેકેદરેકનું અવિભાજય અંગ હોઈ આ સમયગાળામાં રસિકો અને ખેલૈયાઓ ડિઝાઈનરો અને બ્રાન્ડ્સના નવા શોપિંગ પ્રવાહો, ફેશન ટિપ્સ અને નવા કલેકશન્સ પર બારીકાઈથી નજર રાખીને હોય છે. આવા સંજોગોમાં જો ઢોલીવૂડની અવ્વલ સેલિબ્રિટીઓ તમને શોપિંગ ડેટ પર આવવા માટે આમંત્રણ આપે તો શું થશે. હા, અમદાવાદ ટાઈમ્સ દ્વારા અમદાવાદ માટે આ વર્ષે નવરાત્રિ દરમિયાન આવું જ કાંઈક નિયોજન કર્યું છે.

## ઝી રિશ્તે એવોર્ડ્સ ૨૦૧૭ માટે નૉમિનેશન યાદી ઘોષિત



વીતેલા ૨૫ વર્ષોથી ઝી ટીવી પોતાના બેમિસાલ કન્ટેન્ટ, યાદગાર કહાણીઓ અને પોતાના લાગતા પાત્રો દ્વારા પોતાના દર્શકોનું ભરપૂર મનોરંજન કરી રહ્યું છે. આ પાત્રો તેમની જિંદગીઓનો અહમ હિસ્સો બની ગયા છે. દર્શક આ પાત્રોની ખુશીઓમાં તેમની સાથે હંસે છે અને તેમના દુઃખ જોઇને રોઇ પડે છે. દર્શકોને પૂરી રીતે બાંધી રાખતી દિલચસ્પ કહાણીઓ દ્વારા ઝી ટીવીએ દુનિયાભરના લાખો દર્શકોના દિલ જીતી લીધા છે. પોતાના દર્શકો સાથે આ સંબંધની ઉજવણી મનાવતા હવે એકવાર ઝી ટીવી તે કલાકારો, ટેક્નિશિયનો અને નિર્માતા ઓને એક મંચ પર લાવી રહ્યું છે જે ઝી ના આ સોહામણા સફરનો ભાગ રહ્યા છે.

ઝી જલ્દી જ પોતાના વાર્ષિક આયોજન ઝી રિશ્તે એવોર્ડ્સ ૨૦૧૭નું આયોજન કરવા જઈ રહ્યું છે જેના સ્પેશ્યલ પાર્ટનર્સ છે નેરોલેક હેલ્દી હોમ પેઇન્ટ્સ અને ફિનોલેક્સ કેબલ્સ કેબલ્સ. ઝી રિશ્તે એવોર્ડ્સ ૨૦૧૭ માટે વિભિન્ન શ્રેણીઓમાં નામાંકનની ઘોષણા કરવામાં આવી છે. દર્શક પોતાના પસંદીત કલાકારોને વોટ આપવા માટે હવે ઝી ની વેબસાઈટ પર લૉગ ઑન કરી શકે છે.

## અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિ દ્વારા 'ગુરુ દ્રોણાચાર્ય એવોર્ડ' સમારોહનું આયોજન



ગઈ કાલ તા. ૦૫ સપ્ટેમ્બરનાં રોજ 'શિક્ષક દિન' નિમિત્તે અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિનાં ઉપક્રમે ભાગવતઋષિજી, ડૉ. ચંદ્રકાંત મહેતા, જિતેન્દ્ર ચૌહાણની નિશ્રામાં 'ગુરુ દ્રોણાચાર્ય એવૉર્ડ' સમારોહ એ.એમ.એ. ખાતે સાંજે ૬.૦૦ કલાકે થયો. મેનેજમેન્ટ ગુરુ જી. નારાયણ, અમદાવાદ એજ્યુકેશન બૉર્ડનાં પૂર્વ ચેરમેન ડૉ. કૌશિક મહેતા, ગ્લોબલ લીડરશીપ ગુરુ ડૉ. શૈલેષ ઠાકર, જીટીયુનાં વીસી ડૉ. નવીન શેઠ તથા સાલ એન્જિનિયરીંગ કેમ્પસનાં ડાયરેક્ટર ડૉ. રૂપેશ વસાણીને એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

વધુ વિગતો માટે સંપર્ક : ઉન્મેષ દીક્ષિત મો. ૯૮૨૫૦૦૬૯૦૫

## ડીએચએફએલ દ્વારા નવા એડ કેમ્પેન 'ઐસા દેશ હો મેરા'ની રજૂઆત




ભારતની અગ્રણી હાઉસીંગ ફાઈનાન્સ કંપનીઓમાંની એક ડીએચએફએલ દ્વારા તેના નવા એડવર્ટાઈઝીંગ કેમ્પેન 'ઐસા દેશ હો મેરા'ની રજૂઆત ભારતમાં લોકોને પોતાનું સ્વપ્નનું ઘર મેળવવા સશકત કરવા માટે કરાઈ છે. ડીએચએફએલના બ્રાન્ડ એમ્બેસેડર અને બોલિવૂડના સુપરસ્ટાર શાહરૂખ ખાન સાથે મળીને આ કેમ્પેન શરૂ કરાયું છે, જેનો મૂળ વિચાર હાયપર કલેક્ટિવ એડવર્ટાઈઝીંગ એજન્સીનો છે અને તેનું દિગ્દર્શન જાણીતા બોલિવૂડ ડિરેક્ટર નિતેશ તિવારીએ કર્યું છે.

ટીવીસીમાં આનંદ, કન્ટેન્ટમેન્ટ અને સિક્યુરિટી જેવી લાગણીઓ દ્વારા કેટલીક બાબતોને સામેલ કરાઈ છે જે લાગણીઓ પોતાના ઘરમાં રહેતા પરિવારમાં જોવા મળતી હોય છે. ટીવીસીની શરૂઆત શાહરૂખ ખાનની એ વાત સાથે શરૂ થાય છે કે 'ઐસા દેશ હો મેરા જહાં સબ કે સર પર અપની છત હો'. ઘર ખરીદવું દરેકનું સ્વપ્ન હોય છે અને આ ડ્રીમ પુરું કરવું ડીએચએફએલ દ્વારા ઓફર કરાતા અફોર્ડેબલ હાઉસીંગ ફાઈનાન્સ સોલ્યુશન્સથી શક્ય બની શકે છે. આ ફિલ્મમાં દર્શાવાય છે કે દરેકને પોતાના ઘરનો અધિકાર છે, જે જીવનમાં શાંતિ આપે છે, જ્યાં બાળકો કોઈ મૂંઝવણ કે ડર વિના ગમે તેટલો સમય રમી શકે છે, આનંદ કરી શકે છે.

## મને ભગવાન કૃષ્ણની ભૂમિકા ભજવવાની તક મળી તેની બેહદ ખુશી છેઃ વિશાલ જેઠવા



બિગ મેજિકનો ધાર્મિક શો ચક્રધારી અજય કૃષ્ણ ભગવાન કૃષ્ણ આસપાસ વીંટળાયેલી રોમાંચક વારતારેખા સાથે દર્શકોને મોહિત કરી રહી છે. ભગવાન કૃષ્ણની ભૂમિકા ભજવતો અભિનેતા વિશાલ જેઠવાને શોમાં અદભુત અભિનય કુશળતા માટે સમુદાયો દ્વારા ખૂબ સરાહવામાં આવી રહ્યો છે.

આ વિશે ભગવાન કૃષ્ણની ભૂમિકા ભજવવાનો અનુભવ જાણવા માટે અમે આ અભિનેતાનો સંપર્ક કરતાં તેણે જણાવ્યું હતું કે મને ધાર્મિક શ્રેણીનો હિસ્સો બનવાનું ગમે છે અને તેમાંય ભગવાન કૃષ્ણનો અવતાર ભજવવાનો મોકો મળ્યો તેનાથી મારી ખુશીનો કોઈ પાર નથી. મને પહેલી જ વાર આવી ભૂમિકાની ઓફર મળી હતી, જેને લીધે તાત્કાલિક મેં તેનો સ્વીકાર કર્યો હતો. શોનો હિસ્સો બનવા માટે વિચાર કરવાનો કોઈ પ્રશ્ન જ ન હોતો.

## આઈઆઈએફએલ માર્કેટ્સના ડાઉનલોડ્સની સંખ્યા ૧૨ લાખને વટાવી ગઈ

ફોર્ચ્યુન ૫૦૦ની યાદીમાં સ્થાન ધરાવનાર ભારતની ટોચની લિસ્ટેડ બ્રોકિંગ કંપની ઈન્ડિયા ઈન્ફોલાઈન લિમિટેડે જણાવ્યું કે શેર્સના સોદાઓ માટેની તેની એપ્લિકેશન આઈઆઈએફએલ માર્કેટ્સના ડાઉનલોડ્સની સંખ્યા ૧૨ લાખને વટાવી ગઈ છે. એ સાથે એ ભારતમાં નાણાકીય બજારોની એપ્લિકેશન્સમાં સૌથી વધુ ડાઉનલોડ થનારી અને ઉપયોગમાં લેવાનારી એપ બની છે. આ ૫૦૦થી વધું કંપનીઓનાં સંશોધન પૂરાં પાડનારી વિશ્ર્વની એકમાત્ર એપ છે.

નાણાકીય વર્ષ ૨૦૧૮ના અંત સુધીમાં ડાઉનલોડની સંખ્યા ૨૦ લાખ સુધી આઈઆઈએફએલ માર્કેટ્સ એપનો લક્ષ્યાંક છે અને તે આઈઆઈએફએલના ૪૦ ટકા સક્રિય ગ્રાહકોને સેવા પૂરી પાડે છે. એ જ સાથે, ગૂગલ એપ સ્ટોર પર આઈઆઈએફએલ માર્કેટ્સ એપનું રેટિંગ ૪.૪ છે, જે નાણાકીય બજારોની શ્રેણીમાં સર્વોચ્ચ છે. આઈઆઈએફએલ માર્કેટ્સ એપના મહિને ત્રણ લાખ સક્રિય વપરાશકર્તા છે અને એ આઈઆઈએફએલની દલાલીની આવકમાં લગભગ ૩૦ ટકાનો ફાળો ધરાવે છે.

## ઝી સિનેમા રજૂ કરે છે 'શનિવાર કી રાત અક્ષય કે સાથ' ૯ સપ્ટેમ્બર રાત્રે ૯ કલાકે નિહાળો અક્ષય કુમારની ફિલ્મ અંદાજ



અક્ષય કુમારે અલગ અલગ ઝોનરની ફિલ્મો કરી છે અને તે બધી બોક્સ ઓફિસ પર સફળ નિવડી છે. તેઓએ ટીવી પર પણ ઘણા વ્યૂઅરશીપ રોકેર્ડ તોડ્યા છે. બોલિવુડના આ ખેલાડીના ૨૫ વર્ષથી વધુ કેરિયરના સેલિબ્રેશનના ભાગ રૂપે ઝી સિનેમા હવે દરેક શનિવાર ૯ સપ્ટેમ્બર રાત્રે ૯ વાગ્યે 'શનિવાર કી રાત અક્ષય કે સાથ'માં તેઓની ફિલ્મો રજૂ કરશે.

અક્ષય કુમારના જન્મદિવસ પર ૯ સપ્ટેમ્બર રાત્રે ૯ કલાકે તેઓની રોમેન્ટિક ફિલ્મ અંદાજ ટેલિવિઝન પર પહેલી વાર રજૂ કરવામાં આવશે. 'શનિવાર કી રાત અક્ષય કે સાથ'માં અક્ષય કુમારની સફળ ફિલ્મો રજૂ કરવામાં આવી રહી છે, આ ફિલ્મોનુ પ્રસારણ ટેલિવિઝન પર પહેલી વાર થવા જઈ રહ્યું છે. તો ચલો સેલિબ્રેટ કરીએ આ ખેલાડીનો ૫૦મો જન્મદિવસ અંદાજ સાથે શનિવાર ૯ સપ્ટેમ્બર રાત્રે ૯ કલાકે, માત્ર ઝી સિમેના પર .

## સોનાલિકા આઈટીએલે ૫૦થી ઓછી એચપી ની કેટેગરીમાં ૪૮.૮%ની વૃદ્ધિ નોંધાવી ; ગુજરાતમાં તેનું સ્થાન મજબુત કર્યું



અમદાવાદ

ભારતની યુવા અને ત્રીજા નંબરની સૌથી મોટી ટ્રેકટર બ્રાન્ડ, સોનાલિકા ઈન્ટરનેશનલ ટ્રેકટર્સ લીમીટેડે, એપ્રીલ-જુલાઈ માં ૪૮.૮%ની વોલ્યુમ વૃદ્ધિ નોંધાવી છે અને બજાર હિસ્સામાં ૪.૭% ટકા વધારો કર્યો છે જેના દ્વારા તેનું ગુજરાતમાં સ્થાન મજબુત બનાવી શકે. એપ્રીલ-જુલાઈ દરમ્યાન, કંપનીનો બજાર હિસ્સો પણ ૨% સુધી ૪૧-૫૦ એચપી કેટેગરીમાં વધ્યો હતો.

સોનાલિકા ટ્રેકટર્સ મોટા અને શક્તિશાળી એન્જીન દ્વારા મજબુત બનાવવામાં આવ્યા છે (પ્રતિસ્પર્ધીઓ કરતાં ૨૦-૨૫% મોટા એન્જીન) જે ઉચ્ચ ટોર્ક અને અવિરત પાવર પર્ફોમન્સ આપે છે. તેની ઝડપ બીજી ટ્રેકટર બ્રાન્ડ કરતાં ઓછામાં ઓછી ૧૦-૧૨% વધુ છે. મલ્ટી-સ્પીડ હેવી ડ્યુટી ગીયર બોક્સ એન્ડ ચોઈસ ઓફ પીટીઓ સ્પીડ જેવા ફીચર્સ તેને ડેરી, બટાકાની ખેતી તથા કોમર્સીયલ ઉપયોગ માટે શ્રેષ્ઠ બનાવે છે. સોનાલિકા ટ્રેકટર્સ એડવાન્સ ટેક્નોલોજી ફીચર્સ થી સજ્જ છે જેમ કે વ્યક્તિગત પાવર સ્ટીયરીંગ, ઓઈલ ઈમર્સ્ડ બ્રેક, સાઈડ સીફટ ફુલ કોન્સટન્ટ મેસ ગીયર બોક્સ જે લાંબા સમય કામ કરવાની આસાની આપે છે.

## ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનના નેતૃત્વમાં જળ પ્રબંધન આંદોલનની શરૂઆત



અમદાવાદ

અંબુજા સીમેન્ટ્સ લિમિટેડની સીએસઆર શાખા – અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન (એસીએફ)એ પોતાની રજત જયંતિ વર્ષના ઉપલક્ષ્યમાં એક માર્ગદર્શન પહેલની શરૂઆત કરતા, પાણીની માત્રા તથા ગુણવત્તાથી સંબંધિત સંકટને દૂર કરવાના ઉદ્દેશથી ગુજરાતમાં ૨૦૦થી વધુ ગામડાને પોતાના જળ ખેતી વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત સફળતાપૂર્વક સામેલ કર્યુ છે.

પાણીની અછત અને ખારાશની સમસ્યાથી અસરગ્રસ્ત ગિર સોમનાથ જિલ્લાના પાંચ તાલુકાઓ (સૂતરાપદા, કોડિનાર, ઉના, વેરાવળ અને તલાલા જ્યાં કંપનીની સ્થાપના થઈ હતી)ના ગામડામાં છેલ્લા કેટલાક વર્ષોમાં આ સમસ્યાથી નિપટવા માટે મોટા પાયે અને તપાસકર્તા પ્રયાસ કરવામાં આવ્યા છે, જેણે આ ક્ષેત્રના પર્યાવરણ, ભૂજળ ખેતી, અછત ન્યૂનીકરણની સાથે સાથે કૃષિ અને સંલગ્ન આજીવિકા ગતિવિધિઓ પર મહત્વપૂર્ણ અસર કરી છે. આ પ્રયાસોએ ન માત્ર કૃષિ, પશુપાલન, પીવાના પાણીની જરૂરિયાતો તથા ઘરલૂ ગતિવિધિઓ માટે પાણીની ઉપલબ્ધતાને શ્રેષ્ઠ બનાવી, પરંતુ લોકોને આનો પર્યાપ્ત આર્થિક લાભ પણ મળ્યો.

## કેપેસાઈટ ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડનો ઈશ્યૂ ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૭નાં રોજ ખુલશે



અમદાવાદ

દેશમાં રેસિડેન્શિયલ, કમર્શિયલ અને ઈન્સ્ટિટ્યૂશનલ બિલ્ડિંગ પર કેન્દ્રિત સૌથી વધુ ઝડપથી વિકસતી કન્સ્ટ્રક્શન કંપનીઓમાંની એક મુંબઈ સ્થિત કેપેસાઈટ ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડ ("કંપની") તેની પ્રથમ ઈનિશિયલ પબ્લિક ઓફર ("આઈપીઓ") લાવશે, જે ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૭નાં રોજ ખુલશે અને ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૭નાં રોજ બંધ થશે. રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા કંપનીનાં દરેક ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર")ની પ્રાઈઝ બેન્ડ રૂ. ૨૪૫થી રૂ. ૨૫૦ છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઈશ્યૂ ગાળો ઈશ્યુ ખુલવાની તારીખ અગાઉનાં કામકાજનાં એક દિવસ અગાઉ એટલે કે ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૭ હશે.

આઈપીઓ રૂ. ૪,૦૦૦ મિલિયન સુધીનો ચોખ્ખો ઈશ્યૂ ધરાવે છે. કંપનીએ ઈશ્યુની ચોખ્ખી આવકનો ઉપયોગ (૧) કાર્યકારી મૂડીની જરૂરિયાતો માટે ભંડોળ પૂરું પાડવા; (૨) મૂડી અસ્કયામતો (સિસ્ટમ ફોર્મવર્ક)નાં ફંડિંગની ખરીદી; અને (૩) સાધારણ કોર્પોરેટ હેતુઓ માટે થશે.

## સોની રજૂ કરે છે MHCV90DW સાથે બંધ બેસતી નવી હાઈ પાવર ઓડિયો સિસ્ટમ



નવી દિલ્હી

પોતાની પ્રિમિયમ ઓડિયોલાઈન-અપમાં સુધારો કરીને સોની ઈન્ડીયાએ આજે નવી હાઈ પાવર ઓડિયો સિસ્ટમ MHCV90DW રજૂ કરી છે. MHCV90DW માં એડવાન્સ ટેકનોલોજી અને સાઉન્ડ પ્રેશરનો સમાવેશ કરીને તેને હાઈ ક્વોલિટી સાઉન્ડ પેદા કરાય છે, જે વ્યાપક રેન્જને આવરી લે છે અને મોટા વિસ્તાર સુધી પહોંચે છે. તેના વધુ બોલ્ડ લૂકને કારણે ૧૭૦ સે.મી ઉંચી MHCV90DW અસરકારક લાગે છે. અને સ્પીકરની મોટી પાવર ડિઝાઈન એ રીતે કરવામાં વી છે કે સંગીતને ઉત્તમ પ્રકારે સાંભળી શકાય. વાપરના શ્રેષ્ઠ લાઈટીગ ફિચર ઓપ્શન્સ મારફતે રાત્રીને ઉજાસ વાળી બનાવી શકે છે અને ઉત્તમ સાઉન્ડ ક્વોલિટીને કારણે MHCV90DW એ સાચા અર્થમાં પાર્ટી મશિન છે. MHCV90DW કદ, ગુણવત્તા, ફિચર્સ, લાઈટીગ

સાઉન્ડની ની દ્રષ્ટીએ મોટુ છે. આ બધાં અજોડ ફિચર્સને કારણે તે સ્પિકર્સ પારટી માટેનાં પરફેકટ સાથીદાર બની શકે છે.

## શિલ્પા શેટ્ટી પોતાના ટીવી શોને રજૂ કરવા તૈયાર

મુંબઈ

બોલિવુડની વિતેલા વર્ષોની લોકપ્રિય અભિનેત્રી અને બિઝનેસ વુમન શિલ્પા શેટ્ટી હવે નાના પડદા માટે પોતાના પ્રથમ લાઈન ગેમ શોને રજૂ કરવા માટે તૈયાર છે. આ ગેમ શોમાં કેટલીક નવી ચીજો ઉમેરી દેવામાં આવી છે. શિલ્પા શેટ્ટીએ ટ્વીટર પર આ અંગેની માહિતી આપતા કહ્યુ છે કે હવે ઓછામાં ઓછા પૈસામાં દરેક સપ્તાહમાં કાર જીતવાની તક રહેશે. પોસ્ટર જારી કરવામાં આવ્યા બાદ આની ચર્ચા જોવા મળી રહી છે. પોસ્ટરમાં એક કારની પાસે શિલ્પાની સાથે કોમેડિયન અર્ચના પૂરણ સિંહ પણ નજરે પડી રહી છે. આ ગેમ શો ૨૪મી સપ્ટેમ્બરના દિવસથી શરૂ કરવામાં આવનાર છે. કલર્સ ચેનલ પર આ ગેમ શોની શરૂઆત કરાશે. શિલ્પા શેટ્ટીએ ફોટો કેપ્શનમાં કેટલીક વાત લખીને ચાહકોને ગેમ શોના સંબંધમાં માહિતી આપી હતી.શિલ્પા શેટ્ટીએ કહ્યુ છે કે તે પ્રથમ વખત ટીવી પ્રોડક્શન શો લાવી રહી છે. આને લઈને તે આશાવાદી છે. તે રાજ નાયક , કલર્સ અને ટીવી ચેનલને્ ભિનંદન આપવા ઈચ્છુક છે. શિલ્પા શેટ્ટી અનેક રિયાલીટી શોમાં જજની ભૂમિકા અદા કરી ચુકી છે. વર્ષ ૨૦૦૭માં આંતરરાષ્ટ્રીય ટીવી શો સેલિબ્રિટી બ્રિગ બ્રધર્સમાં પણ ભાગ લઈ ચુકી છે.

## અખંડ જ્યોતના અલખધણીનો મેળો

**રામા રૂપ દેખાડજો, થાંને કરું ગુગળના ધૂપ.**
**અવર દેવને દિવા બળે, મારો રામો જ્યોત સ્વરૂપ.**

બાબા રામદેવપીરના માથા પર મુગટ, ભાલ પર તિલક, કાનમાં કુંડળ, ગળામાં માળા અને હાથમાં નેજો ધારણ કરેલો છે.પગમાં મોજડી અને કેસરીયો જામો પહેરેલા રામદેવપીરનો બીજો હાથ વરદાન આપતી મુદ્રામાં છે.અશ્વ પર સવાર બાબા રામદેવપીરના મુખ મંડલ પર અલૌકિક તેજ જોવા મળે છે.રામદેવપીરની દાઢી અને મૂછ વીરતાનું પ્રતિક છે.હરજી ભાટી ચામર ઢોળે છે.લાછા-સુગણા અને ભાણેજ બાબાની આરતી ઉતારે છે.અમુક તસ્વીર બે ભાગમાં જોવા મળે છે.જેમાં નીચેના ભાગે સમાધિ લીધેલા રામદેવપીરનું મસ્તક જોવા મળે છે.(રામદેવરામાં દર અજવાળી બીજે સમાધિ પર સુવર્ણ મુગટ પહેરવાય છે.) સમાધિ આગળ ગૂગળ ધૂપ-ગંગાજળ ભરેલ ઝારી અને નૈવેધ ધરાવેલુ દેખાય છે.આજુબાજુ હરજી ભાટીના પિતા ઉગમસિંહ ભાટી વીણા વગાડી રહ્યા છે જ્યારે ગુરૂ અજબોજી નગારા-નોબત પર ઘંટી પીટી રહ્યા છે.

બાબાની પ્રચલિત તસ્વીરમાં ભૈરવ રાક્ષસ ગુરૂધામમાં સૂતેલા બાળ રામદેવની ગોદડી ખેંચે છે.બાજુમાં મક્કાથી આવેલા પાંચ પીર અને તેમણે ઉગાડેલી પાંચ પીપળી વિદ્યમાન છે.કપડાનો ઘોડો ખભે ઉંચકીને હરજી ભાટી બાબાની ઉપદેશ લીલાનો પ્રચાર-પ્રસાર કરે છે.તસ્વીરમાં સમાધિ અવસ્થામાં બેઠેલા ગુરૂ બાલિનાથ જોવા મળે છે.ઉપરાંત રામદેવપીરની અસીમ કૃપાથી હરજી ભાટી વણવીયાયેલી બકરીને દૂધની ધારા ઉત્પન્ન થાય છે, પારણામાં મોટાભાઈ વીરમદેવની બાજુમાં પોઢેલા જગતનિયંતાને જોઈ ખુશખુશાલ થતા અજમલજી અને મેણાદે, દ્વારકામાં ડુબકી લગાવ્યા પછી-ક્ષિરસાગરમાં આરામ કરી રહેલા ભગવાન વિષ્ણુ-દ્વારકાધીશને નત મસ્તકે વંદન કરતા અજમલજી, મૃત ભાણુને સજીવન કર્યા પછી સગુણાને સાંત્વના આપતા રામદેવપીર ઉભેલી મુદ્રામાં છે.અમરકોટના સોઢા રાજપૂત દલપતજી પંવારના આંગણામાં ચોરીમાં બેઠેલા કૃષ્ણ-રૂકમણીના અવતાર સમા રામદેવપીર-નેતલ અને મીસરીનું લૂણ બનાવ્યા પછી કાકલૂદી કરતો લાખો વણઝારો પ્રચલિત તસ્વીરમાં દ્રશ્યમાન થાય છે.

**- જીતેન્દ્ર એમ.ટાંક માલગઢ**

મનોરંજનનો રસ થાળ લાવે છે
# સિને-સરિતા
ફિલ્મો અને ટીવી જગતના નવીનતમ નજરાણાં...

# સલમાનની ટાઈગર જિન્દા હે ફિલ્મને વહેલી તકે રજૂ કરાશે



બોલિવુડના દબંગ સ્ટાર સલમાન ખાન અને કેટરીના કેફ અભિનિત ફિલ્મ ટાઈગર જિન્દા હે ફિલ્મ વહેલી તકે રજૂ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે. ફિલ્મને લઈને ચાહકો ભારે ઉત્સુક છે. હાલમાં અંતિમ તબક્કાનુ શુટિંગ ચાલી રહ્યુ છે. ડિરેક્ટર અલી અબ્બાસની આ ફિલ્મ એક્શનથી ભરપુર રહેશે. બોલિવુડની હોટ જોડી રહેલી સલમાન અને કેટરીના કેફ વચ્ચે પ્રેમ સંબંધોનો ખુબ પહેલા જ અંત આવી ચુક્યો છે પરંતુ તેમની વચ્ચે હજુ પણ મિત્રતા રહેલી છે. જેના ભાગરૂપે હાલમાં બન્ને એક જાહેરાતના શુટિંગમાં બન્ને સાથે નજરે પડ્યા હતા. હાલમાં એક ઈન્ટરનેશનલ બ્રાન્ડની એડમાં બન્ને સાથે નજરે પડ્યા હતા. હવે એવા અહેવાલ આવી રહ્યા છે કે બન્ને સાથે ફિલ્મમાં કામ કરી શકે છે. બન્નેની જોડી ભારે ધુમ મચાવી ચુકી છે. સલમાન અને કેટરીના કેફ છેલ્લે એક થા ટાઈગર ફિલ્મમાં સાથે નજરે પડ્યા હતા. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ધુમ મચાવી દેવામાં સફળ રહી હતી. **અનુસંધાન પાના નં.૬ ઉપર**



## અ જેન્ટલમેન : સુંદર સુશીલ રીસ્કી




**નવી ફિલ્મ**

અ જેન્ટલમેન: સુંદર સુશીલ રીસ્કી

આ ફિલ્મના નિર્માતા ફોકસ સ્ટાર સ્ટુડીયોઝ, દિગ્દર્શક રાજ એન્ડ ડીકે, કલાકારોમાં સિદ્ધાર્થ મલ્હોત્રા, જેકલીન ફર્નાન્ડીઝ, દર્શનકુમાર, સુનીલ શેટ્ટી, સંગીત : સચીન જીગર

૨૫ ઓગષ્ટે રીલીઝ થયેલ આ ફિલ્મ ૨ મીનીટ ૫૪ સેકન્ડનું ટ્રેલર જોતાં એટલું સમજાય છે કે ગૌરવ એક એવો યુવાન છે જે સુંદર, સુશીલ અને જેન્ટલમેન છે. જે કોઈપણ મહિલાને પોતાની પુત્રી માટે ગમી જાય. એ કદી ટ્રાફિકનો નિયમ તોડતો નથી. કાવ્યા નામની યુવતી ગૌરવના પરીચયમાં આવે છે તેની માતા તેને ગૌરવ સાથે પરણાવાવ તૈયાર છે પરંતુ કાવ્યાનો સ્વભાવ જોખમ ખેડવાનો છે. તેને ગૌરવ કોઈ જાતનું જોખમ નથી લેતો એ ગમતું નથી. એવામાં એનો ભેટો રીશી સાથે થઈ જાય છે. રીશી સતત જીંદગીના જોખમમાં જીવતો ભલભલા ગેંગસ્ટરને ફુંકી મારતો યુવાન છે. બંને એકસરખાં જ દેખાય છે એટલે કાવ્યા અને અંડર વર્લ્ડના ડોન તથા પોલીસ બધા જ ગોથું ખાઈ જાય છે. એકશન અને થ્રીલ સાથેની આ કોમેડી ફિલ્મ સતત રમુજ અને દિલધડક સ્ટંટથી ભરપુર લાગે છે. સિદ્ધાર્થ મલ્હોત્રા સીધા સાદા યુવાન તરીકે અને સતત મારધાડ કરતા રીશી તરીકે જબરજસ્ત અભિનય કરે છે. જેકલીન આકર્ષક દેખાય છે અને સ્ટંટમાં જોરદાર લાગે છે. ફિલ્મની કાસ્ટ પેસ ખરેખર જકડી રાખે છે. થ્રીલના શોખીનો એક વખત આ ફિલ્મ જરૂર જોશે ફરી જોવાની ઈચ્છા પણ થઈ જાય.

# ભારતીય ફિલ્મ ઉદ્યોગના પિતામહ દાદા સાહેબ ફાળકે

**ફિલ્મી સિતારા**-કમલેશ કંસારા

ભારતમાં ફિલ્મોના આદિ નિર્માતા અને નિર્દેશક દાદા સાહેબ ફાળકેએ જો પોતાની પ્રથમ ફિલ્મ રાજા હરીશ્ચંદ્રનું નિર્માણ ના કર્યું હોત તો ભારતીય સીનેમાનો ઈતિહાસ કાંઈક જુદો જ હોત. ફાલકેએ સીનેમા વ્યવસાયનો આરંભ કરીને એને મનોરંજન, કલા સાધના તથા ભારતીય સંસ્કૃતિને જન જન સુધી પહોંચાડવાનું એક સશકત સાધન બનાવી દીધું. એમની સ્મૃતિને સુરક્ષિત રાખવાને માટે ભારત સરકારે દાદા સાહેબ ફાળકેની જન્મ શતાબ્દીના વર્ષમાં એમના નામ પર એક પુરસ્કારની જાહેરાત કરી જે પ્રતિ વર્ષએ વ્યક્તિને આપવામાં આવે છે. જેમણે ભારતીય સીનેમા ઉદ્યોગની ઉન્નતિ અને પ્રગતિની સાથે કોઈને કોઈ રૂપથી જોડાયેલ હોય અને આ ક્ષેત્રમાં કોઈને કોઈ રૂપથી જોડાયેલ હોય અને આ ક્ષેત્રમાં એમનું યોગદાન ઉત્કૃષ્ટ સમજવામાં આવે.



નાસિક નજીક ત્ર્યંમ્બકેશ્વર નામના પવિત્ર શૈવ તીર્થમાં દાદા સાહેબનો જન્મ ૩૦ એપ્રીલ ૧૮૭૦ ના રોજ થયો હતો. એમનું વાસ્તવિક નામ ઢુંડીરાજ ગોવિંદ ફાલ્કે હતું. આરંભથીજ એમને કલા પ્રત્યે અત્યંત રૂચિ હતી. ૧૮૮૫ માં તેઓ મુંબઈની પ્રસિદ્ધ કલા વિદ્યાલય. જે જે.સ્કૂલ ઓફ આર્ટસમાં પ્રવેશ મેળવ્યો અને વિધિવત્ ચિત્રકલાની શિક્ષા મેળવી. ત્યારબાદ તેઓ વડોદરાના પ્રસિદ્ધ કલા ભવનના વિદ્યાર્થી બન્યા અને ચિત્રકલાની સાથે ફોટોગ્રાફી તથા સ્થાપત્યનો અભ્યાસ કર્યો. જીવન જીવવા માટે ફોટોગ્રાફર બન્યા એ સમયની પારસી નાટક કંપનીઓના પડદા પર વિવિધ દ્રશ્યોનું ચિત્ર દોરવાનું કામ પણ કર્યું. ૧૯૦૩ માં તેઓ ભારત સરકારના પુરાતત્વ વિભાગમાં નકશાનવીસ તથા ફોટોગ્રાફર તરીકે જોડાયા. ૧૯૦૫ માં શરૂ થયેલ સ્વદેશી આંદોલનથી દાદા સાહેબ ફાળકે ખુબ જ પ્રભાવિત થયા અને રાજકીય સેવાથી નિવૃત્ત થઈને સ્વતંત્ર રૂપથી જીવન નિર્વાહનો પ્રયત્ન કરવા લાગ્યા. એમને પોતાની આર્થિક સમસ્યાઓના સમાધાન માટે કોઈ જ રસ્તો જડતો નહોતો. આથી તેઓ નિરાશા અનુભવવા લાગ્યા. એ સમયે એમણે એક વાર ઈસુ ખ્રિસ્તના જીવન પર બનેલ એક ફિલ્મ જોઈ. ફિલ્મ અંગ્રેજી ભાષામાં હતી. જેનાથી એમના મનમાં પણ એ ભાવના જાગી કે ભારતમાં પણ શું આ પ્રકારની ફિલ્મ ન બની શકે ?

આ ઘટના ૧૯૧૦ ની હતી. ફાલ્કેની ઉંમર ૪૦ વર્ષની હતી અને એમની આવકનું સાધન કોઈ નિશ્ચિંત નહોતું એવા સમયે એમણે ભારતમાં જ ફિલ્મ બનાવવાનો દ્રઢ સંકલ્પ લઈને તેઓ આ વ્યવસાયમાં ઉપયોગમાં લેવાતા ઉપકરણોની કિંમત અને વિગતો પ્રાપ્ત કરીને સાધનો કયાંથી મેળવી શકાય તેની જાણકારી મેળવી. એમણે ફિલ્મ વ્યવસાય સંબંધી ઈતિહાસ પણ વાંચ્યો. અનેક અંગ્રેજી ફિલ્મો જોઈ અને સીનેમાને લગતાં વિવિધ સાધનો ખરીદવાને માટે ઈંગ્લેન્ડ જવાનો પ્લાન બનાવ્યો. વિદેશ યાત્રાને માટે પૈસાની વ્યવસ્થા કરવા માટે થોડાક રૂપિયા ઉધાર લીધા તથા વીમાની પોલીસી ગીરવે મુકીને રકમ ભેગી કરી. ૧ લી ફેબ્રુઆરી ૧૯૧૨ ના રોજ ફાલ્કે સમુદ્રી માર્ગે લંડન જવાને માટે પ્રસ્થાન કર્યું. ત્યાં તેઓ બાયસ્કોપ સાપ્તાહિકના સંપાદકને મળ્યા અને ફિલ્મ નિર્માણ વિષયમાં બધા જ પાસાઓની માહિતી મેળવી. આ સંપાદક મહાશયે ફાલ્કેને તમામ પ્રકારના ઉપકરણો પ્રાપ્ત કરવામાં મદદરૂપ થયા અને સેસીલ હેપવર્થ સાથે મેળાપ કરાવ્યો. હેપવર્થ ઈંગ્લેન્ડના જાણીતા નિર્માતા હતા. તેમની સાથે ફિલ્મ નિર્માણ વિશેની વિસ્તૃત ચર્ચા કરી અને પોતાની સ્ટુડીયોમાં લઈ જઈને બધા વિભાગોની જાણકારી આપી.

બે મહીના પસાર કર્યા બાદ ૧ લી એપ્રિલ ૧૯૧૨ ના રોજ દાદા સાહેબ ફાળકે સ્વદેશ પાછા ફર્યા અને પોતાના પરિવાર સાથે એક લઘુ ફિલ્મ બનાવી **અનુસંધાન પાના નં.૬ ઉપર**




**ન્યુઝ સ્ટ્રીપ્સ**

★કહતા હૈ દિલજી લે જરા તેમજ પરવરીશ ૨ માં જોવા મળેલી ખુબસુરત અદાકારા સંગીતા ઘોષે ૧૯૮૬ માં હમ હિંદુસ્તાનીથી પોતાની ટચુકડા પડદાની અભિનય યાત્રા શરૂ કરી ત્યારથી લઈને અત્યાર સુધી કયારેય નેગેટીવ ભૂમિકા નથી ભજવી પણ હવે તેણે રિશ્તોં કા ચક્રવ્યુહમાં નકારાત્મક પાત્ર ભજવવાનું બીડું ઝડપ્યું છે. તે કહે છે કે મેં અગાઉ કયારેય વેમ્પનો રોલ નહોતો કર્યો. તેથી આ પાત્ર ભજવવું કે નહીં તેની અવઢવમાં હતી પરંતુ સીરીયલ સર્જકોએ મને મનાવી લીધી. અલબત્ત તેમાં મારો અભીનય જડબેસલાક વેમ્પસ જેવો નથી. હું મારી નકારાત્મકભ ભૂમિકા પણ એકદમ સહજતાથી નિભાવવાના પક્ષમાં છું. વળી મને તેમાં મારો બંગાળી દેખાવ અને ખુલ્લા વાળ બહુ ગમે છે.

★એક રીશ્તા સાજેદારી કામાં કામ કરીને જાણીતો બનેલો અભિનેતા વસીમ મુસ્તાક હવે એક વિવાહ ઐસા ભી માં રવિ પરમાર બન્યો છે. વસીમ તેમાં સુમન સોનાલી નાઈકના મૃત પતિની ભૂમિકામાં છે. આપણને સહેજ થાય કે મૃત પતીનો રોલ શી રીતે હોઈ શકે ? વાસ્તવમાં રવિ પરમાર અત્યંત વિચિત્ર વ્યક્તિ છે. તે સુમન સાથે લગ્નગાંઠે બંધાયા પછી પોતાનું પોત પ્રકાશશે. તે તેને નાની નાની વાતમાં ધીબેડી નાખે છે અને અણગમતી પરીસ્થિતિમાંથી છુટકારો મેળવવા પોતે મરી ગયો હોવાનો કારસો રચે છે પણ પાંચ વર્ષ પછીતે પરત ફરે છે અને ત્યારે સુમન રણવીર અભિષેક મલીક સાથે વિવાહ કરતી હોય છે.

★ દિયા ઔર બાતી ફેમ અદાકારા એકતા તિવારીએ પોતાના જન્મ દિવસને જ લગ્નતિથિમાં ફેરવી નાખ્યો. કારણકે તે પોતાની વેડીંગ એનીવર્સરી અને બર્થડે એકસાથે મનાવવાની ઈચ્છા રાખતી હતી. મજાની વાત એ છે કે તેણે તેના ભાવિ પતી સુશાંત કંડાપાને તેમના વિવાહની સરપ્રાઈઝ આપી હતી. એકતા કહે છે કે રાત્રે ૧૨ વાગે કેક કાપતી વખતે મેં સુશાંતને અમારા લગ્નના આયોજન વિશે જણાવ્યું હતું. તે વધુમાં કહે છે કે ક્રાઈમ પેટ્રોલમાં કામ કરતી વખતે અમે પ્રેમમાં પડયા હતા અને ટુંક સમયમાં સાથે રહેવા લાગ્યા હતા અને હવે અમે આર્ય સમાજ મંદિરમાં સાદગીથી લગ્ન કરી લીધાં છે. એકતાએ સુશાંતને અન્ય એક સરપ્રાઈઝ પણ આપી હતી. પણ મેં અમારા બંનેના પરિવારજનો અને કેટલાંક મીત્રોને ગોવા લઈ જવાનું આયોજન કર્યું.

# શાહરૂખખાન અને કંગનાની જોડી પ્રથમ વખત જ ચમકશે



શાહરૂખ ખાન અને કંગનાને લઈને ફિલ્મ બનાવવાની યોજના સંજય લીલા દ્વારા તૈયાર કરવામાં આવી છે. સંજય લીલા પ્રથમ વખત આ જોડીને એક સાથે ચમકાવવા જઈ રહ્યા છે. શાહરૂખ ખાને કહ્યુ છે કે કંગના જો ફિલ્મમાં રહેશે તો વધારે સારી બાબત રહેશે. કંગનાની એક્ટિંગ કુશળતાથી તમામ લોકો પ્રભાવિત છે. તે બોલિવુડમાં મોટી સ્ટાર તરીકે ઉભરી ચુકી છે. શાહરૂખ ખાન અને સંજય લીલા ૧૫ વર્ષ અગાઉ ફિલ્મ દેવદાસમાં સાથે કામ કરી ચુક્યા છે. આ ફિલ્મ ઓસ્કારમાં સ્થાન મેળવી ગઈ હતી. ફિલ્મમાં શાહરૂખ ખાને યાદગાર ભૂમિકા અદા કરી હતી. હવે શાહરૂખખાનને લઈને સંજય લીલા ફરી ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે. આ સંબંધમાં કિંગ શાહરૂખ ખાને માહિતી આપતા કહ્યુ છે કે સંજય લીલા દ્વારા તેને બે પટકથા આપવામાં આવી છે. જે પૈકી કઈ પટકથા પર ફિલ્મ બનાવવામાં આવનાર છે તે બાબત હજુ સુધી નક્કી કરવામાં આવી નથી. શાહરૂખે કહ્યુ છે કે તે સંજય લીલાની સાથે ચોક્કસપણે કામ કરવા માટે ઈચ્છુક છે. છેલ્લા મહિનામાં કેટલાક પ્રોજેક્ટ પર વાત થઈ છે. પરંતુ ડેટને લઈને સમસ્યા અકબંધ રહી છે. છતાં નવા પ્રોજેક્ટ પર ટુક સમયમાં કામ શરૂ કરવામાં આવનાર છે. કાસ્ટિંગને લઈને હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. કંગનાને ફિલ્મમાં લેવામાં આવશે તો બાબત શાનદાર રહેશે. ફિલ્મને લઈને તૈયારી શરૂ કરવામાં આવી છે. સંજય લીલા હાલમાં ફિલ્મ પદ્માવતિને લઈને વ્યસ્ત છે. જેમાં શાહિદ કપુર, રણવીર સિંહ અને દિપિકાની મુખ્ય ભૂમિકા છે. આ ફિલ્મ ઐતિહાસિક પટકથા પર આધારિત છે. ફિલ્મનુ શુટિંગ હવે પૂર્ણાહુતિના આરે છે. આગામી દિવસોમાં કંગના અંગે માહિતી જાહેર કરાશે.

**બીહાઈન્ડ ધ સ્ક્રીન**

# પ્રભાસની સાથે સાહોમાં મંદિરા બેદી પણ ચમકશે

**ઓન ધ સ્ક્રીન**



પ્રભાસ અભિનિત ફિલ્મ ફિલ્મ સાહોમાં મંદિરા બેદી પણ કામ કરી રહી છે. મંદિરા બેદીની પસંદગી કરવામાં આવી હોવાની જાહેરાત કરવામાં આવી ચુકી છે. મંદિરા ફિલ્મમાં નેગેટીવ રોલમાં નજરે પડનાર છે. શ્રદ્ધા કપુર લીડ રોલમાં નજરે પડનાર છે. ફિલ્મમાં જેકી, શ્રોફ, નીલ નિતિન મુકેશ અને ચંકી પાન્ડે પણ નેગેટીવ રોલમાં દેખાશે. શ્રદ્ધા કપુરને પણ મોટી ફિલ્મ હાથ લાગી ગઈ છે. આ ફિલ્મ બાદ શ્રદ્ધાની કેરિયરમાં નવા પ્રાણ ફુંકાઈ શકે છે. શ્રદ્ધા કપુરને સતત સારી ફિલ્મોમળી રહી છે પરંતુ તેની ફિલ્મો ફલોપ સાબિત થઈ રહી છે. આવી સ્થિતીમાં પ્રભાસ સાથેની સાહો ફિલ્મને લઈને તે આશાવાદી છે. આ ફિલ્મ ત્રણ ભાષામાં બનનાર છે. જેથી ઉત્સુકતા વધી ગઈછે. ા ફિલ્મમાં અનેક હિન્દી ફિલ્મોના ટોપ સ્ટાર કામ કરવા જઈ રહ્યા છે. જેમાં જેકી શ્રોફ, ચંકી પાન્ડે અને મહેશ માંજરેકર કામ કરી રહ્યા છે. ટીનુ આનંદ પણ કામ કરી રહ્યા છે.ફિલ્મમાં મલયાલમ સ્ટાર મિસ્ટર લાલ પણ કામ કરી રહ્યો છે. ઉપરાંત નીલ નિતિન મુકેશની પણ ભૂમિકા છે. પ્રભાસ અભિનિત ફિલ્મ માટે શુટિંગ શરૂ કરી દેવામાં આવ્યુ છે. આફિલ્મ હાઈટેક એક્શન ડ્રામાં ફિલ્મ છે. ફિલ્મ હિન્દી, તમિળ અને તેલુગુ ભાષામાં બની રહી છે. ફિલ્મમાં હાઈટેક એક્શન સીન રાખવામાં આવ્યા છે. ફિલ્મની પટકથા સુજીતે લખી છે. નિર્દેશનની જવાબદારી પણ તે પોતે અદા કરી રહ્યા છે.આ ચર્ચાસ્પદ ફિલ્મ આગામીવર્ષે રજૂ કરવામાં આવે **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# કરીના અને સોનમની ફિલ્મ વીરે દી વેડિંગની ચર્ચા જારી



**સીને**

બોલિવુડમાં હાલમાં કરીના કપુર અને સોનમ કપુર અભિનિત ફિલ્મ વીરે દી વેડિંગને લઈને ભારે ચર્ચા છે. હકીકતમાં હાલમાં જ સોનમ કપુરે ટ્વીટર પર માહિતી આપતા કહ્યુ હતુ કે આ ફિલ્મનુ શુટિંગ શરૂ કરવામાં આવ્યુ છે. શુટિંગ માટે ફિલ્મના તમામ કલાકારો દિલ્હી પહોંચી ચુક્યા છે. જો કે શુટિંગ હજુ સુધી શરૂ કરવામાં આવ્યુ નથી. આ વખતે ફિલ્મના ભવિષ્ય પર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. એવી ચર્ચા છે કે ફિલ્મના નિર્માતા પૈકી એક એકતા કપુર ટુંક સમયમાં જ ફિલ્મતી અલગ થનાર છે. અલબત્ત એકતા કપુર તરફથી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. જો કે આ સમાચાર આપીને તમામને ચોંકાવી દીધા છે. સોનમ કપુરના પિતા અનિલ કપુરે પણ સોનમના નિવેદન બાદ નારાજ છે. ફિલ્મ સાથે જોડાયેલા સુદ્દોએ કહ્યુ છે કે આ સમાચાર સાંભળ્યા બાદ અનિલ કપુરે હવે એકતા કપુરની સાથે વાત કરી છે. અનિલ કપુરે એકતાના પિતા જીતેન્દ્ર સાથે પણ વાત કરી છે. અનિલ કપુરે ઈચ્છા વ્યક્ત કરી છે કે એકતા કપુર ફિલ્મને અધવચ્ચે છોડી દે તેમ અનિલ કપુર ઈચ્છતા નથી. અનિલ કપુર હવે જીતેન્દ્રને મળીને એકતાને સમજાવવાના પ્રયાસ કરી રહ્યા છે. એકતા કપુર એકાએક અલગ કેમ થઈ રહી છે તે અંગે હજુ સુધી કોઈ વાત કરવામાં આવી નથી. આને લઈને કોઈ નક્કર બાબત સપાટી પર આવી ગઈ છે. અનિલ કપુરની પુત્રી રિયા કપુર ફિલ્મની નિર્માત્રી તરીકે છે. આ ફિલ્મમાં સોનમ કપુર અને કરીના કપુરની મુખ્ય ભૂમિકા છે. આ ઉપરાંત સ્વરા ભાસ્કર અને શિખાની પણ મુખ્ય ભૂમિકા છે. એકતા કપુર ફિલ્મને લઈને આશાવાદી છે.

# એશની સાથે રાજકુમાર રાવ નવી ફિલ્મમાં રોમાન્સ કરશે



બોલિવુડની બ્યુટીક્વીન એશ્વર્યા રાય બચ્ચન નવી ફિલ્મમાં રાજકુમાર રાવ સાથે કામ કરનાર છે. તે રાજકુમાર રાવની સાથે નવી ફિલ્મમાં રોમાન્સ કરતી નજરે પડનાર છે. હાલમાં અશ્વીની એયર તિવારીની બરેલી કી બરેલી ફિલ્મમાં શાનદાર ભૂમિકા અદા કરી ચુકેલા રાજકુમાર રાવની ચારેબાજુ પ્રશંસા થઈ રહી છે. બીજી બાજુ તેના માટે સારી બાબત એ છે કે બોલિવુડના મહાનાયક અમિતાભ બચ્ચન પણ રાજકુમાર રાવથી ભારે પ્રભાવિત થયા છે. હવે રાજકુમાર રાવ માટે બીજી સારી બાબત એ છે કે તેને એક મોટી ફિલ્મ હાથ લાગી ગઈ છે. આ ફિલ્મમાં તે એશ્વર્યા રાય બચ્ચનની સાથે કામ કરનાર છે. ફિલ્મ રાકેશ ઓમપ્રકાશ મહેરા બનાવી રહ્યા છે. ફન્ને ખાન નામની ફિલ્મ બનાવવામાં આવી રહી છે. અતુલ માંજરેકર દ્વારા બનાવવામાં આવી રહેલી આ ફિલ્મમાં અનિલ કપુરની સૌથી મોટી ભૂમિકા છે. અનિલ કપુર વિતેલા વર્ષોમાં એશ સાથે કામ કરી ચુક્યો છે. થોડાક સમય પહેલા રાજ મેલબોર્ન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલમાં એશને મળ્યો હતો. જ્યારે તેમના વચ્ચે થોડાક સમય માટે ચર્ચા પણ થઈ હતી. એશવર્યા રાય ફિલ્મને લઈને આશાવાદી બનેલી છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# અક્સર - ૨ ફિલ્મમાં જરીન ખુબ સેક્સી ભૂમિકામાં હશે



વર્ષ ૨૦૦૬માં ઈમરાન હાશમીની ફિલ્મ અક્સરની સિક્વલ ફિલ્મ હવે તૈયાર કરવામાં આવી રહી છે. આ ફિલ્મમાં અગાઉની જેમ જ તમામ મસાલા, રોમાન્સ અને થ્રીલર સીન જોવા મળનાર છે. આ વખતે અક્સર -૨ ફિલ્મ મારફતે લોકપ્રિય ટીવી સ્ટાર ગૌતમ રોડે બોલિવુડમાં પ્રવેશ કરવા જઈ રહી છે. તેની સાથે અભિનવ શુક્લા અને જરીન ખાન પણ જોરદાર રોલમાં નજરે પડનાર છે. અક્સર-૨ ફિલ્મનુ નિર્દેશન અનંત મહાદેવન દ્વારા કરવામાં આવી રહ્યુ છે. ફિલ્મની પટકથા ખમ્બાટાની આસપાસ ફરે છે. જે રોલ અભિનેત્રી લિલેટ દુબે દ્વારા અદા કરવામાં આવનાર છે. ફિલ્મમાં ખમ્બાટાને એક રઈસ મહિલા તરીકે રજૂ કરવામાં આવનાર છે. જેનો લાભ લેવાનો પ્રયાસ ઈન્વેસ્ટમેન્ટ બેંકર દ્વારા કરવામાં આવે છે. જો કે મોડેથી તેમની સામે કેટલાક **અનુસંધાન પાના નં.૬ પર**

**થરાદમાં ...**

**પાના નં.૧ ચાલુ**

પાકધોવાણ, વહેણથી ખેતરોમાં કોતરો પડવા, વરસાદી પાણીનો નિકાલ,પાણીના ભરાવાથી ખેતી નહી થતાં સિઝનોનું વળતર, ખેતી સાધનો પર ટેક્ષ નહી લેવા,લોન, સહાય, ધીરાણ માંડવાળ, વિજકનેકશન જેવા ૧૯ મુદ્દાઓનું એક મહીનામાં નિરાકરણ લાવવા બાબતે જણાવાયું હતું.જેનું પ્રામાણિકતાથી અનુ પુરેપુરૂ તથા સાચુ સર્વે કરવાની તેમજ આધુઅધુરુ નહી પણ સરકારે જાહેર કરેલ પુરેપુરુ રાહત પેકેજ આપવાની માંગણી કરવામાં આવી હતીભારતીય કિસાન સઁઘ નાં જિલ્લા પ્રમુખ ભીખાભાઈ ભૂટકા , જિલ્લા મત્રી કાનજીભાઈ પીલુડાં , ભા,કી,સઁઘ થરાદ પ્રમુખ માધાભાઈ કિયાલ , કોસાધ્યક્ષ વાઘજી ભાઈ ધેસડા વાવ તાલુકા પ્રમુખ કાન્જી ભાઈ તથા દરબાર બલવન્ત સિંહ ચારડાતાલુકા કારોબારી સભ્યો હાજર રયા હતા.

**અંકલેશ્વરમાં...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

જેની સામે નર્મદા નદીમાં ગોલ્ડન બ્રિજ પર ૩૨૦ જેટલી નાની અને ૮૪ જેટલી મોટી મૂર્તિ મળી કુલ ૪૫૮ મૂર્તિઓનું વિસર્જન થયું હતું. નવા બોરભાઠા સુરકુઢ્ઢીન ૧૮ ફુટથી મોટી ૮ મૂર્તિઓ તેમજ અન્ય નાની અને મોટી મળી કુલ ૮૦ થી વધુ મૂર્તિનું વિસર્જન કર્યુ હતું. જે મળી નર્મદા નદીમાં કુલ ૬૪૬ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

**ડીસા માર્કેટયાર્ડ...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

જ્યારે ચેરમેન માવજીભાઈ દેસાઈએ પણ ખેડૂતો તેમજ વેપારીઓને ઈ - નામ યોજનાના અમલીકરણ પર ભારી મુકીને સહયોગ આપવા અપીલ કરી હતી. ઈ - યોજનાના લાભ અને અમલીકરણ સંબધે માહિતી ઈન્ચાર્જ સેક્રેટરી એ.એન.જોષીએ આપી હતી. ડીસા માર્કેટયાર્ડ ખાતે યોજાયેલ ઈ - નામ યોજનાની બેઠકમાં ડીસા માર્કેટયાર્ડના વાઈસ ચેરમેન કરશનભાઈ કણબી, ડીરેકટર ખેતાભાઈ કોલા, લેબજીભાઈ ઠાકોર, અરજણભાઈ પટેલ, મહેન્દ્રભાઈ શેઠ, પ્રવિણભાઈ દેસાઈ, ઈશ્વરભાઈ રંજ્યા, ઓધારજી ઠાકોર સહિત ડીસા તાલુકાના ખેડૂતો તેમજ વેપારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**અંબાજી આશ્રમ...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

મહાકાળી નાસ્તા હાઉસ દીઓદર,જલારામ યુવક મંડળ દીઓદર તેમજ અનેક સંસ્થાઓ દ્વારા ચા-પાણી નાસ્તાના કેમ્પો બનાવેલ.જેમાં લોકોએ મોટી સંખ્યામાં લાભ લીધેલ.મેળા દરમ્યાન અવા નવા ચગડોળ,મનોરંજનના સાધનો લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બનેલ.અંબાજી આશ્રમના મહંત શ્રી અંકુશ ગીરી મહારાજ તેમજ ગામ લોકોના સહકારથી અંબાજી આશ્રમ સણાદરમાં સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવેલ.ચૌદસ - પુનમ નિમિત્તે બે દિવસ ગામ લોકો તેમજ પોલીસ મિત્રોએ સારો એવો સહકાર આપી મેળાને સફળ બનાવેલ.

**જલોત્રામાં જય...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

સાથે પૂર્ણાહુતિ પ્રસંગે જલોત્રા ગામની તમામ પ્રાથમિક શાળાઓ તેમજ હાઈસ્કૂલના તમામ બાળકોને મિષ્ટન ભોજન પિરસી બાળકોના પણ આર્શીવાદ લીધા હતા. આ પ્રસંગે ગામના અગ્રગણ્ય નાગરિકો, સરપંચ, સભ્યો, પૂર્વ સરપંચ, પોલીસ સ્ટાફ, આરોગ્ય કર્મચારીઓ, જીઈબીના કર્મચારીઓ વગેરેએ પણ મા જગદંબાનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

**વાવ રેફરલના...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ઝેરીદવા પીવાના કિસ્સાઓમાં પણ ઉમદા સેવા આપી દર્દીઓને નવજીવન અપાવ્યું છે. આવી વિકટ પરિસ્થિતિમાં સેવાના ભેખધારી રેફરલના ત્રણે તબીબોએ મેડીકલ ઓફીસર ઉપરાંત પરિચારીકા, ડ્રેસર, ફાર્માસીસ્ટનો જાતે રોલ ભજવી દર્દીઓને ઉમદા સેવા આપી છે. વધુમાં રાત્રીના સમયે પણ હેડક્વાર્ટસ ઉપર હાજર રહી દાખલ દર્દીઓને ઉમદા સારવાર આપી છે. આમ રોગચાળાની વિકટ પરિસ્થિતિમાં રેફરલના ત્રણે મેડીકલ ઓફીસરની ઉમદા કામગીરીની સુવાસ સમગ્ર વાવ પંથકમાં પ્રસરી ઉઠી છે.

**ભાજપ કિસાન...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

કોષાધ્યક્ષ આકાશભાઈ એમ. પુરોહિત. તેમજ દાંતીવાડા તાલુકામાં પ્રમુખ વકતાભાઈ ભીખાજી પુરોહિત, મહામંત્રી રાયચંદભાઈ મણાજી કુમરેચા, ઉપપ્રમુખ હરનાથભાઈ ડાયાભાઈ પટેલ, ઉપપ્રમુખ ભોળાભાઈ પ્રભુભાઈ રબારી, મંત્રી ડાયાભાઈ કસ્તુરભાઈ માળી, મંત્રી ભેરસીંગ નવલસીંગ વાઘેલા, મંત્રી રાભાજી દલાજી સોલંકી, મંત્રી મગનભાઈ મેવાભાઈ દેસાઈ, ખજાનચી શાન્તીલાલ છગનાજી રાજગોર તથા વિવિધ સેલમાં ડેરી પશુપાલન રામજીભાઈ રતુભાઈ પટેલ, ડ્રીપ ઈરીગેશન દિનેશભાઈ મોનાજી માળી, આધુનિક ખેતી જુજારસીંગ રૂપસીંગ વાઘેલા, જલસંગ્રહ નરસિંહભાઈ ભેમાભાઈ જેગોડા, સજીવ ખેતી સોમાજી મણાજી પાતાણી, પ્રશિક્ષણ જીવાભાઈ લસાજી રબારી, સોશિયલ મીડીયા લેરાજી શિવાજી રાજગોર અને સહકારી ક્ષેત્રે ડિરેક્ટર બનાસ ડેરી પરથીભાઈ જેઠાભાઈ ચૌધરી, ચેરમેન ગંજબજાર હરજીવનભાઈ સી. ભુતડીયા, ડિરેક્ટર તાલુકા સંઘ મદદરૂપજી પ્રતાપજી માળી, પૂર્વ ડિરેક્ટર બનાસ ડેરી વીરજીભાઈ પ્રેમજીભાઈ ચૌધરી, પૂર્વ ચેરમેન તાલુકા સંઘ કરસનભાઈ જવાભાઈ ચૌધરીની વરણી કરાઈ છે.

**ડીસા ખાતે...**

**પાના નં.૮ ચાલુ**

પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા, કિશાન મોર્ચા પ્રદેશ મહામંત્રી ફલજીભાઈ ચૌધરી તથા ઉપાધ્યક્ષ કિર્તીસિંહ વાઘેલા ખાસ ઉપસ્થિત રહેશે. જેમાં પ્રદેશ પદાધિકારીઓ, જિલ્લા હોદ્દેદારો, જિલ્લા કારોબારી સભ્યો, જિલ્લા સેલ કન્વીનરો, મંડળના પ્રમુખ - મહામંત્રીઓ હાજર રહે છે. તેથી ભગવાનભાઈ પટેલ (પ્રમુખ કિસાન મોર્ચા બનાસકાંઠા) એ જણાવ્યું હતું.

**દીઓદર તાલુકામાં ..**

**પાના નં.૮ ચાલુ**

કેશાજી ચૌહાણ પ્રારંભ કરાવનાર છે. ગોલવી ગામે યોજાનાર સેવા સેતું કાર્યક્રમ ગોલવી ઉપરાંત કોતરવાડા, ફાફરાળી, સણાવ, ડાઉવા, ચીભડા, મખાણું, મકડાલા, કુંવાતા, ગોલવા, ધુણસોલ, માનપુરા(ધુ.), રવેલ, નોખા, રામપુરા, સરદારપુરા (ર.), ભગવાનપુરા ગામોના પ્રજાના પ્રશ્નોને સાંભળવામાં આવશે અને હલ કરવાના પ્રયાસો થશે.

**પાલનપુરમાં દૂષિત ...**

**પાના નં.૮ ચાલુ**

માર્ગ પર નીકળાય છે. જે ગંદુ પાણી આસપાસ આવેલી પાંચ સોસાયટીમાં ફરી વળે છે અને જાહેર માર્ગ પર દુર્ગંધ મારતા ગંદા પાણીથી ત્રસ્ત રહીશો એ અનેક વાર નગર પાલિકા સહિત ડેપ્યુટી કલેકટરનું પણ ધ્યાન દોર્યું હોવા છતાં બે માસ થી ગંદા પાણી થી ત્રસ્ત રહીશોના પ્રશ્નોનો ઉકેલ આવતો નથી એક તરફ રાજ્ય ભરમા સ્વાઈન ફ્લૂનો ભરડો છે જોકે મોટે ભાગે દૂષિત અને ગંદા પાણી થી થતા રોગને લઈને પાલનપુર નગરપાલિકા દ્વારા પણ ગંદકી અને સફાઈ માટે મોટી જાહેરાતો કરાઈ છે પરંતુ બે બે માસ થી જાહેર રોડ પર ગંદુ પાણી ઢોળાવવા છતાં નગરપાલિકા પાલિકાની અગાઉની નોટિસ ને ધોળી ને પી જનાર બિલ્ડર તંત્રને પણ ગાંઠતો નથી ત્યારે આજે પાંચ સોસાયટી ના પીડિત રહીશો આજે મામલતદાર સમક્ષ દોડી આવ્યા હતા અને સ્કાય બ્લુ રેસિડનસીના બિલ્ડર અને રહીશો સામે કલમ ૧૩૩ મુજબ કાર્યવાહી ની માંગ કરી હતી. છેલ્લા બે માસથી જાહેર રોડ પર ઢોળતા ગંદા પાણીને લઈને સોસાયટી ઓ મા ખરાબ પ્રકારની દુર્ગંધ મારી રહી છે. ત્યારે અહીં રહેતા સ્થાનિક મહિલાઓને પણ આવવા જવામા અગવડ પડે છે. અને ખાસ કરીને બાળકોને લાવવા લઈ જવામા મુશ્કેલી ઓ પડી રહી છે. ત્યારે સ્થાનિકોને પડતી મુશ્કેલીઓમો હાલ કોઈ ઉકેલ નથી અને સ્થાનિકો આ સમસ્યા હલ કરવાની માંગ કરી રહ્યા છે.

**ઢીમા નગરે ૩ ...**

**પાના નં.૮ ચાલુ**

સંઘોનું આગમન થયું હતું. ભાદરવા સુદ - ૧૧ થી ભાદરવા સુદ - પૂનમ દીન પ્રતિદીન ભાવિક ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું. મેળાના આખરી ચરણ ચૌદશ અને પૂનમના દીવસે ભાવિક ભક્તોનો વધુ ઘસારો જોવા મળ્યો હતો. ધરણીધર મંદીર ટ્રસ્ટ તરફથી પાણીની પરબો ઉપરાંત ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. તદ ઉપરાંત શ્રી રામ આશરાઅન્ન ક્ષેત્ર ટ્રસ્ટ તરફથી પણ અન્નક્ષેત્ર ભોજન પ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ગાડીઓના પાર્કીંગ માટેની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્થાનિક પોલીસ તંત્ર, પંચાયત, ટ્રસ્ટગણ તેમજ ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી. પાંચદીવસના મેળા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ પ્રકાશમાં આવ્યો નથી. સુખ - શાંતી પૂર્ણ માહોલમાં મેળો સંપન્ન થયો હતો.

ભાદરવી પૂનમના પાંચ દીવસીય મેળા દરમિયાન છેક સૌરાષ્ટ્ર, કચ્છ, રાજસ્થાન, દક્ષિણ ગુજરાત અને વિદેશમાંથી પણ દાદાના ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. શ્રી ધરણીધર મંદીરના ટ્રસ્ટી ગણ દ્વારા વહેલી સવારથી મોડી રાત સુધી દર્શનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. પાંચ દીવસીય મેળા દરમિયાન શ્રી ધરણીધર મંદીર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ખડેપગે હાજર રહીને સુંદર કામગીરી બજાવી હતી. વધુમાં પંચાયતના જવાબદારતંત્ર, સરપંચ, સદસ્યમિત્રો, ગ્રામજનો એ પણ ભારે જહેમત ઉઠાવી હતી.

**થરાદમાં તંત્રએ...**

**પાના નં.૮ ચાલુ**

પુર્વ પ્રમુખ પથુભાઈ રાજપુત અને ઉપપ્રમુખ દિપક ઓઝા વચ્ચે બેઠક યોજાઈ હતી. અગ્રણીઓએ મધ્યસ્થી કરતાં મામલતદાર અને ચીફ ઓફીસરે ઉપવાસીઓ વચ્ચે આવીને તમે કેટલા બાકી રહી ગયા છે તેની માહિતી આપો અમે સરકારમાં તેની દરખાસ્ત મોકલીએ તેવી ખાત્રી આપી ઉપવાસ આંદોલન સમેટી લેવા જણાવ્યું હતું.

જોકે આમરણાંત ઉપવાસી નગરસેવકે સહાય ચાલુ કરો એટલે આંદોલન સમેટી લઈએ તેમ જણાવતાં કોકડું ગુંચવાયેલુ રહ્યુ હતું.જ્યારે ત્રીજા દિવસે પણ દિવસભર વધારે મહીલાઓ પ્રતિક ઉપવાસમાં જોડાઈ હતી.

**થરાદમાં તંત્રએ ...**

**પાના નં.૮ ચાલુ**

વિસ્તારમાં દુષ્કાળ ખૂબ પડતો.લોકો મજુરી કરવા માટે ગાંધીનગર તરફ ગુજરાતમાં જતા.આજે મા નર્મદા આપણા આંગણે આવતાં આપણે સૌ અહી બેઠા પૈસા કમાઈ શકીએ છીએ.મા લક્ષ્મી અને મા નર્મદા બંન્ને બહેનો છે.જેમાં મા સરસ્વતી અને મા લક્ષ્મી બહેનો છે.સરસ્વતીના ઉપાસકો શિક્ષકગણને નોકરી મળતાં પૈસા કમાતા થઈ જાય છે તેમ મા નર્મદા આપણા આંગણે આવતાં તેમની બહેન લક્ષ્મીજી પણ આપણા આંગણે આવી જાય છે.અને આપણે સુખી સંપન્ન છીએ. પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદીએ નર્મદાના દરવાજા બનાવવા અને બંધ કરાવવામાં મહત્વની ભૂમિકા ભજવી આ પંથકને નર્મદાના નીર પહોંચાડી લોકોને જીવાદોરી મળી રહે તેવા ભરપુર પ્રયાસો કર્યા છે.

આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ ઉત્તમસિંહ વાઘેલા, દિલીપસિંહ વાઘેલા, ભાજપના પૂર્વ મહામંત્રી ચેલાભાઈ પટેલ, પ્રહલાદભાઈ માળી સહિત ભાજપના આગેવાનો ઉપસ્થિત રહેલ. ગામે ગામ નર્મદા યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવે છે. તેમજ નર્મદા મૈયાની આરતી કરવામાં આવેલ.ગામે ગામના સરપંચશ્રીઓ, તા.પં.ડેલીગેટો, ગ્રા.પં.ના સદસ્યો,દુધ-સેવા મંડળીના ચેરમેન-મંત્રીઓ, ગામના વડીલો,આગેવાનો મોટી સંખ્યામાં જોડાયેલ. નર્મદા યાત્રાના ઈન્ચાર્જ ઓડીટર શ્રી જામાભાઈ દેસાઈ લોકોને નર્મદા યાત્રાનો મહિમા સમજાવી રહ્યા છે.

**અત્યાર સુધી પ ...**

**પાના નં.૮ ચાલુ**

મળી. આ ચુંટણી દરમ્યાન ૧.૮૧ લાખ મતદારોમાંથી ૧.૨૪ લાખ મતદારોએ પોતાના પસંદગીના ઉમેદવારને વિધાનસભામાં મોકલ્યા હતા. ૨૦૦૭ ની ચુંટણીમાં ભાજપે સુરેન્દ્રનગરના દશાળી મત વિસ્તારના ચાલુ ધારાસભ્ય અને જાણીતા દલિત નેતા ફકીરભાઈ વાઘેલાને વડગામ બોલાવી કોંગ્રેસના દોલતભાઈને હરાવવાનો પ્લાન બનાવ્યો. ભાજપ તેના આ પ્લાનમાં સફળ નિવડ્યું. જો કે કોંગ્રેસની આ હારમાં દોલતભાઈ પ્રત્યે સ્થાનિક કોંગ્રેસી કાર્યકરોની નારાજગીએ પણ મહત્વની ભૂમિકા ભજવી. કોંગ્રેસથી નારાજ કાર્યકરોએ અપક્ષ ઉમેદવાર તરીકે વડગામના સ્થાનિક કાર્યકર દિનેશભાઈ પરમારને ટિકિટ આપી, દિનેશભાઈએ કોંગ્રેસની સુરક્ષિત વોટબેંકમાં ગાબડું પાડી ૧૧ હજાર મતો મેળવ્યા, જેના પરિણામે ભાજપના દલિત નેતા ફકીરભાઈ વાઘેલા ૯ હજાર મતોથી વડગામના ધારાસભ્ય બનવામાં સફળ રહ્યા. ફકીરભાઈ કેબીનેટ મંત્રી પણ બન્યા, તેઓ દર શુક્રવારે વડગામમાં લોક દરબાર ભરી જનતા વચ્ચે હાજર રહી લોકપ્રિય બન્યાં.

૨૦૧૨ માં ભાજપે ફરી એકવાર ફકીરભાઈ વાઘેલા પર વિશ્વાસ મુકયો, જ્યારે કોંગ્રેસે આ વખતે હારેલા ઉમેદવાર દોલતભાઈને બદલી સાબરકાંઠાના વાઘેલા મણીભાઈને ટિકિટ આપી. આ ચુંટણીમાં મુસ્લિમ વોટબેંક અને પૈસાના જોરે આ સીટ જીતવામાં કોંગ્રેસના મણીભાઈ વાઘેલાને સફળતા મળી. મણીભાઈની જીતથી જનતા વચ્ચે લોકપ્રિય ફકીરભાઈ વાઘેલાની હાર થઈ.

વડગામ વિધાનસભામાં ૧૯૭૫ થી ૨૦૧૨ સુધીના ઈતિહાસનું વિશ્લેષણ કરતાં એક વાત સ્પષ્ટ થાય છે કે આ સીટ પર અપક્ષ ઉમેદવારો જ ભાજપ કોંગ્રેસની હાર- જીતમાં નિર્ણાયક પુરવાર થયા છે. વડગામ વિધાનસભાના મતવિસ્તારમાં સૌથી વધુ લોકપ્રિય બનેલા નેતાઓમાં ફકીરભાઈ વાઘેલા અને દોલતભાઈ પરમારનો સમાવેશ થાય છે. પરંતુ, દુર્ભાગ્યવશ ફકીરભાઈ વાઘેલા ૨૦૧૪ માં નિધન પામ્યા, તો ૨૦૧૬ માં દોલતભાઈ પરમાર પણ સ્વર્ગવાસ પામ્યા.

૨૦૧૭ ની ચૂંટણીમાં ભાજપ હોય કે કોંગ્રેસે બન્ને પક્ષોએ અપક્ષ ઉમેદવારના મતોને ધ્યાને લેવા પડશે. ખાસ કરીને સ્થાનિક ઉમેદવારને ટિકિટ આપવી પડશે, અન્યથા આ વખતે પણ અપક્ષો બન્ને પક્ષોની બાજી બગાડે તો નવાઈ નહીં! આ ઉપરાંત ખાસ નોંધનીય છે કે, વડગામ મતવિસ્તારની પ્રજાએ અત્યાર સુધી બન્ને પક્ષોના ઉમેદવારોને તક આપી હોવા છતાં હજુ સુધી વડગામમાં પાણી, રસ્તા જેવી પાયાની સમસ્યાઓ પણ યથાવત છે. ત્યારે જોવાનું અ`રહે છે કે વડગામના મુદ્દાઓને ધ્યાને લઈ વોટ આપે છે કે પછી પક્ષને જોઈને મતદાન છે... તે તો સમય જ બતાવશે.

**ડીસામાં ડેન્ગ્યુ,...**

**પાના નં.૮ ચાલુ**

રોગ સામે આવતા જ આરોગ્ય તંત્રમાં દોડધામ મચી હતી.તંત્ર દ્વારા તાત્કાલિક ગામમાં ટિમો મોકલી પોરાનાશક કામગીરી કરી ભોગ બને દર્દી ના પરિવારજનો તેમજ આજુબાજુના લોકોના લોહીની સ્લાઈડ લેવાઈ હતી.જ્યારે લોકોને સ્વચ્છતા રાખી મછછરથી બચવા જણાવાયું હતું એમ ડીસા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. ઉમેશ ઝવેરીએ જણાવ્યું હતું.

બીજી તરફ સરકાર દ્વારા ગુજરાતના વિકા વાતો કરે છે તો ડીસા તાલુકા ના ભડથ ગામની મુલાકાત લેતા ગ્રામજનોએ જણાવેલ કે ભડથ ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના ડોકટર ની જગ્યા છેલ્લા ૬ મહિના થી ખાલી પડી છે, જ્યારે સ્થાનિકો ની રજુઆત છે કે ગામ જયાં જુવો ત્યાં ગંદકી ના ઢગ જોવા મળી રય છે, તે સત્વરે સફાઈ કરવા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં ડોક્ટર ની જલ્દી ભરાય તેવી માંગ કરી રહ્યા છે. તો ઝેરી મેલરીયા ની કેશ સામે આવ્યા બાદ સફાઈ બાબતે હજુ તંત્રએ કોઈ જ પ્રકાર દરકાર લીધી નથી.

# બિહાર પુર : હવે ગુજરાત તરફથી પાંચ કરોડનો ચેક

અમદાવાદ

મુખ્યમંત્રી નીતિશકુમાર ગુજરાત સરકાર તરફથી પાંચ કરોડની સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો છે. મહેસુલ પ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પટણા ખાતે ચેક અર્પણ કરીને આ પ્રક્રિયા પૂર્ણ કરી હતી. ગુ-જરાતમાં બચાવ અને રાહત કાર્યની નીતિશકુમારે પ્રશંસા કરી હતી.

બિહારમાં અતિવૃષ્ટિ અને પુરના કારણે સર્જાયેલી ભારે તારાજીના પગલે ત્યાંના અસરગ્રસ્તોને સહાયરુપ બનવા ગુજરાત સરકારે નિર્ણય કર્યા બાદ મહેસુલ મંત્રી ચુડાસમા પટણા પહોંચ્યા હતા. તેઓએ નીતિશ કુમાર અને નાયબ મુખ્યમંત્રી સુશીલ કુમાર મોદીની મુલાકાત લીધી હતી. બિહાર પુર રાહત ફંડમાં પાંચ કરોડની આર્થિક સહાયનો ચેક આપ્યો હતો. રૂપાણીનો પત્ર નીતિશકુમારને આપ્યો હતો. સુશીલ કુમાર મોદી અને નીતિશકુમારે ગુજરાતમાં પણ કેટલાક વિસ્તારમાં અતિવૃષ્ટિના કારણે સર્જાયેલી પુરની સ્થિતિ તારાજી છતાં ગુજરાતના વહીવટીતંત્રએ કરેલી બચાવ અને રાહત કામગીરીની વિગતો ચુડાસમા પાસેથી મેળવી હતી. ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે લેવાયેલા નિર્ણયો અને પગલા અંગે પણ પારસ્પરિક માહિતી લેવામાં આવી હતી.

## ફિલ્મી સીતારા...

**અનુસંધાન ૫ નું ચાલુ**

નાખી. આ માટે એમણે પોતાની પત્નીના દાગીના ગીરવે મુકીને આવશ્યક ધન પ્રાપ્ત કર્યું. ધનની સમસ્યા પુરી થઈ પરંતુ હવે પ્રશ્ન એ હતો કે ફિલ્મ માટે કલાકારોની શોધ એમણે સત્યવ્રતી હરીશ્ચંદ્રના પૌરાણિક આખ્યાન પર એક ફિલ્મ બનાવવાનો નિશ્ચય કર્યો પરંતુ સવાલ એ હતો કે રાણી તારામતીની સ્ત્રી તરીકેની ભૂમિકા કોને આપવામાં આવે ? એ દિવસોમાં સ્ત્રીઓ ઘરની બહાર પગ મુકતા પણ સંકોચાતી હતી. અને એમાંય ફિલ્મોમાં અભિનય ! આ એક દિવા સ્વપ્ન હતું.. અંતે દાદા સાહેબ ફાળકે એ સાલુ કે નામના એક યુવકને તારામતીની ભૂમિકાને માટે તૈયાર કર્યો. જે મુંબઈની એક હોટલમાં રસોઈયા તરીકેની સેવા કરતો હત.

રાજા હરિચંદ્રનું નિર્માણ દાદા સાહેબ ફાળકેનું એકાંકી પ્રયાસ હતો. અંતે સ્ટુડીયો નિર્માણ સેટ બનાવવો, પટકથા લેખનથી લઈને ફોટોગ્રાફી ડેવલોપીંગ તથા સંપાદન સુધીનું કાર્ય ખુદ ફાળકેએ કરવું પડતું હતું. છેવટે ૧૩ મે, ૧૯૧૩ ના રોજ રાજા હરીચંદ્ર ફિલ્મ દર્શકોની સામે આવી. એનું જોરદાર સ્વાગત થયું. મુંબઈમાં તે સળંગ ૨૩ દિવસ દેખાડવામાં આવી. આ ફિલ્મની સફળતા જોઈને ફાલ્કેએ બીજી એક પુરાણકથા પર આધારીત 'મોહિની ભસ્માસુર' નું નિર્માણ કર્યું. ૧૯૧૭ માં એમણે હિંદુસ્તાન ફિલ્મ કંપનીની સ્થાપના કરી.જે ૧૯૩૨ સુધી ચાલી. એના બેનર હેઠળ અનેક મહત્વપુર્ણ ફિલ્મો બની. આ કાર્ય માટે દાદા સાહેબ ફાળકેને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડેલો પણ એમાંથી પ્રેરણા મેળવીને અનેક મહત્વાકાંક્ષી લોકો આ ક્ષેત્રોમાં આવ્યા. એમની અંતિમ મુક ફિલ્મ 'સેતુબંધન' હતી. જે ૧૯૬૧ માં બની અને આ વર્ષથી મુક ફિલ્મોનો યુગ ખત્મ થયો અને પછી બોલતી ફિલ્મો બનવા માંડી.

૧૯૩૪ માં દાદાસાહેબે ગંગાવતરણના પૌરાણિક આખ્યાન પર એક હીંદી તથા મરાઠી ફિલ્મ બનાવી. ત્યાર બાદ એમનું સ્વાસ્થ્ય બગડી ગયું અને એમણે ફિલ્મોમાંથી નિવૃત્તિ લઈ લીધી. વૃદ્ધાવસ્થામાં તેઓએ ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરેલો. ૧૬ ફેબ્રુઆરી ૧૯૪૪ ના રોજ જ્યારે એમનું અવસાન થયું ત્યારે તેઓ સર્વથા ઉપેક્ષીત અને ગરીબાઈમાં જીવતા હતા.

ફિલ્મોના જનક અને ફિલ્મ ઉદ્યોગના પિતામહ ગણાતા દાદા સાહેબ ફાળકેનો કેવોકરૂણા પૂર્ણ અંત હતો ?મા દેવાનંદનું ૮૮ વર્ષની ઉંમરે લંડનમાં હૃદયરોગથી અવસાન થયું હતું.

**કમલેશ કંસારા**

## સલમાન...

**અનુસંધાન ૫ નું ચાલુ**

કબીર ખાનની આ ફિલ્મ દેશભરમાં લોકોને પસંદ પડી હતી. કેટરીના કેફ અને સલમાન વચ્ચે પ્રેમ સંબંધોનો અંત આવી ગયો હોવા છતાં બન્ને એકબીજાના સારા મિત્ર રહ્યા છે. હાલમાં કેટરીના કેફ અને રણબીર કપુરના સંબંધ તુટી ચુક્યા છે. તેમની વચ્ચે કેટલાક સમયથી સંબંધ હતા. બન્ને એક જ એપાર્ટમેન્ટમાં રહેતા હતા. બન્ને ફિલ્મમાં કામ કરશે કે કેમ તેને લઈને હજુ સુધી કોઈ વાત કરવામાં આવી રહી નથી. ટાઈગર જિન્દા ફિલ્મ કેટરીના કેફ માટે ઉપયોગી સાબિત થઈ શકે છે.

સલમાન ખાન બોલિવુડના સુપરસ્ટાર તરીકે છે. હાલમાં તે સૌથી લોકપ્રિય સ્ટાર છે. તેની ફિલ્મ નામ સાથે જ ચાલી રહી છે

## પ્રભાસ...

**અનુસંધાન ૫ નું ચાલુ**

તેવી શક્યતા છે. દેશભરમાંબાહુબલી નામથી પ્રભાસ વધારે ઓળખાય છે. તે ફિલ્મ જગતના સૌથી મોટા સ્ટાર તરીકે ઉભરી ચુક્યો છે. પ્રભાસ અને શ્રદ્ધા કપુરની જોડીને જોવા માટે ચાહકો ભારે ઉત્સુક છે. પ્રભાસની જોડી મુખ્ય રીતે અનુષ્કા શેટ્ટી સાથે તમામ લોકોને ખુબ પસંદ પડી છે. હવે મંદિરા બેદીની પણ પસંદગી કરવામાં આવી છે.

## એશ...

**અનુસંધાન ૫ નું ચાલુ**

ટુક સમયમાં જ ફિલ્મનુ શુટિંગ શરૂ કરવામાં આવનાર છે. હાલમાં રજૂ થયેલી બરેલી કી બરફી રાજકુમાર રાવની સુપરહિટ સાબિત થઈ હતી. ફિલ્મને લઈને તમામ તૈયારી કરવામાં આવી રહી છે.રાજકુમાર રાવ બોલિવુડમાં આશાસ્પદ સ્ટાર તરીકે ઉભરી આવ્યો છે. જ્યારે એશ બોલિવુડમાં બીજી ઈનિંગ્સ શરૂ કર્યા બાદ ફ્લોપ સાબિત થઈ રહી છે. તે પહેલા જેવો જાદુ જગાવી શકી નથી.

## અક્સર - ૨...

**અનુસંધાન ૫ નું ચાલુ...**

ચોંકાવનારા ખુલાસા કરવામાં આવે છે. ફિલ્મમાં જરીનખાન ખુબ હોટ અંદાજમાં નજરે પડનાર છે. આ ફિલ્મ છટ્ઠી ઓક્ટોબરના દિવસે હાથ ધરવામાં આવનાર છે. આ ફિલ્મના સંબંધમાં ઈમરાન હાશ્મીએ પણ ખુશી વ્યક્ત કરી છે. ઈમરાન હાશ્મીએ ફિલ્મની વાત કરતા કહ્યુ છે કે તે અક્સર -૨ ફિલ્મની ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યો છે. ઈમરાન હાશ્મીએ ફિલ્મ અને ફિલ્મની તમામ ટીમને શુભેચ્છા પાઠવી છે.અક્સર ફિલ્મને લઈને યુવા પેઢી ઉત્સુક છે. કારણ કે યુવા પેઢીને જે પ્રકારની ફિલ્મો પસંદ પડે છે તેવી આ ફિલ્મ બનાવવામાં આવી રહી છે. જેમાં કેટલાક બોલ્ડ અને સેક્સી સીન રહી શકે છે. ફિલ્મને લઈને જરીન પણ આશાવાદી છે. જરીનમાં તમામ કુશળતા હોવા છતાં ફ્લોપ સાબિત થઈ રહી છે. તેની પાસે હાલમાં નહીંવત જેવી ફિલ્મો છે.

# સ્થાનિક બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | દુન તીબાર ૫ કી.૮૨૦૦ | ચણાદાળ ૪૪૪ ૭૮૦૦ | સાંગલી ૧૦ કે. ૪૩૦૦ |
| **ચાંદી ચોરસા ૪૦૩૦૦-૪૦૬૦૦** | દુન તીબાર ૧ કી.૮૨૦૦ | મગદાળ સમરદીપ ૭૨૦૦ | **ખોળ બજાર** |
| રૂપુ કાચું ૪૦૩૦૦-૪૦૬૦૦ | નર્મદા મગ પોલીસ | મગમોગર રીયલ ૮૦૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦ |
| સોનુ તોલો ૩૦૦૦૦-૩૦૧૦૦ | ૫૮૦૦ | અડદદાળ અક્ષર ૮૩૦૦૦ | મોરબી ખોળ ૧૨૫૦-૧૨૮૦ |
| **તેલ બજાર** | મગદાળ નર્મદા સુપર ૫૮૦૦ | મગ ૫૭૦૦ | જીરાળુ ૧૯૦૦-૨૦૦૦ |
| **રાધે પામોલીન ૮૯૦-૯૪૦** | નર્મદા મગ મોગર ૬૦૦૦ | અંગુર તુવેરદાળ ૬૦૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦ |
| પામોલીન ૮૮૫-૯૪૦ | મગમોગરનર્મદાપ્રીમી ૬૧૦૦ | અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૯૦ |
| સોયા રીફાઈન ૧૨૫૦ | નર્મદા અડદદાળ ૬૯૦૦ | ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા.૬૦૦ |
| રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦ | દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦ | કિસાન તુવેરદાળ ૬૨૦૦ | **પરચુરણ** |
| સીંગતેલ૧૫ કી. ૧૫૦૦ | દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦ | સોજી ૮૬૦ |
| સીંગતેલ ૧૫ લી.૧૫૦૦ | દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦ | પરખ સ્પેશીયલ ૫૨૦૦ | મેંદો ૮૬૦ |
| સીગતેલ ૫ લી. ૪૫૦ | દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦ | લાલપરી તીબાર જુના ૪૨૦૦ | શ્રીફળ એમ. ૮૮૦ |
| તિરૂપતી કપા. ૧૨૪૦ | દુન કણકી જુની ૩૦૦૦ | લાલપરી દુબાર જુના ૩૮૦૦ | નિરમા સાબુ ૫૨૫ |
| ૫ લીટર ૪૧૦ | ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦ | લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦ | મેદી ૬૦-૧૦૦ |
| વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦ | ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦ | લાલપરી દુબાર નવા ૩૯૦૦ | અજમો ૧૫૦-૨૪૦ |
| કોપરેલ ૧૫ કિલો ૨૨૦૦ | ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦ | સાકરીયા ૪૫૦૦ |
| ૫ કે. કોપરેલ૮૬૦ | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦ | લાલમંદિર બાસમતી ૩૬૦૦ | ખાંડ બુરૂ ૪૨૦૦ |
| ૫લી. અંકુર સીંગતેલ ૪૫૦ | હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦ | **ખાંડ બજાર** | કોકમ ફુલ ૧૮૦ |
| **૧૫ લીટર સનફલાય ૧૧૮૦** | હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | (બોરીના ભાવ) | એલચી ૧૧૦૦-૧૪૦૦ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦ | ૫૮૦૦ | **ખાંડ એસ. ૩૮૫૦-૪૦૨૦** | મોરૈયો ૬૫-૯૪ |
| ૫ લી. ૩૭૦ | તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦ | **ખાંડ એમ. ૪૦૦૦** | તલ ૯૦-૧૦૦ |
| ૨ લી. ૧૫૭ | તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦ | ખાંડએલ. ૪૦૫૦-૪૦૦૦ | ખસ-ખસ ૩૫૦-૫૮૦ |
| **ચોખા-દાળ બજાર** | તુવરદાળ ખીડીયાર ૬૧૦૦ | **ચા-બજાર** | સીંગદાણા ૬૫-૮૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | દાવત સીલેકટનવા ૮૮૦૦ | સુરજ છાપ ચા ૩૦૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** |
| ગેટવે પ્રીમીયમ ૬૫૦૦ | દાવત સુપર જુના ૧૧૦૦૦ | હરણ છાપ ચા ૨૨૦ | દુધી ૩૦૦-૪૦૦ |
| ગેટ વ. રોયલ ૫૫૦૦ | દાવત દીલખુશ નવા ૭૫૦૦ | **આખા મરચાં-હળદર** | સુકી ડુંગળી ૪૦૦-૫૦૦ |
| ગેટવે રેગ્યુલર૫૦૦૦ | દાવત દીલખુશ જુના ૬૫૦૦ | હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦ | લસણ ૭૦૦-૮૦૦ |
| ગેટવે રીઝાના૪૫૦૦ | દાવત દુબાર જુના ૭૦૦૦ | હળદર આખી રાજાપુરી | ધાણા ૧૦૦૦-૧૨૦૦ |
| ગેટવે એવરેડી૪૦૦૦ | દાવત રોઝાના જુના ૫૫૦૦ | ગટ્ટા ૧૦૦-૧૪૦ | મરચાં ૪૦૦-૫૦૦ |
| ગેટવે ડેઈલી ૩૫૦૦ | દાવત ૭૦ જુના ૪૩૦૦ | હળદર આખી સેલમ ૯૦ | લીંબુ ૪૦૦-૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦ | દાવત ૬૦ મીની જુના ૩૫૦૦ | હળદર તળેલી સાંગલી ૮૦ | અડવી પત્તા ૨૦૦-૩૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦ | મરચા વન્ડર હાટ ૨૦૫૦ | આદુ ૮૦૦-૯૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦ | મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦ | રીંગણ ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦ | લાલ કીલ્લો તીબાર ૭૦૦૦ | મરચા તેજા ૧૮૦૦ | ટામેટા ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦ | લાલ કિલ્લો દુબાર ૫૫૦૦ | મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦ | ભીંડા ૪૦૦-૫૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૨૩૦૦ | લાલ કિલ્લો મોગરો ૪૫૦૦ | મરચા ટોમેટો ૨૨૦૦ | કોબી ૩૪૦-૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦ | મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦ | વટાણા ૯૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૫૦૦ | હેરીટેજ તીબાર ૭૨૦૦ | કાશ્મીરી ૯૦ | ટીંડસા ૬૦૦-૭૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦ | હેરીટેજ દુબાર ૫૫૦૦ | કાશ્મીરી મમરી ૯૦ | ગવાર ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦ | હેરીટેજ મીની દુબા ૪૫૦૦ | સુપર પટની ૧૦૫ | બાદશાહ બટાકા ૨૦૦-૨૨૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦ | કાયનાત પી ૮૫૦૦ | સુપર રજવાડી ૧૯૦ | સાંગા બટાકા ૧૨૦-૧૪૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦ | કાયનાત સુપર ૮૦૦૦ | મરચા ડેડીકટ ૧૨૫ | ચોળી ૮૦૦-૯૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦ | કાયનાત ૬૮૦૦ | મરચાં ૫૮૦૦ | તુરીયા ૫૦૦-૮૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦ | રાજા બાસમતી ૪૦૦૦ | **ગોળ બજાર** | |
| ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦ | કુરૂક્ષેત્ર ૫૮૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦ | |
| ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦ | એપ્પલ પ્રીમીય ૪૮૦૦ | વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦ | |
| દુન પ્રીમીયમ ૯૦૦૦ | ઓરેન્જ ૬૦૦૦ | વડેચા ૫ કી. ૪૮૦૦ | |
| દુન તીબાર ૨૫ કી.૭૭૦૦ | દાવત અપ્સરા ૫૦૦૦ | વડેચા ૧ કી. ૫૦૦૦ | |
| દુન તીબાર ૧૦ કી.૭૨૦૦ | જીરાસર ચંદન ૩૮૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦ | |

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. ................ઉ.વ.

પરિચય: ........................................................

સરનામુ : ........................................................

મોકલનારની સહી : ........................................

## ઉંઝામાં રેલ્વે સ્ટેશન રોડની ઉબડ-ખાબડ હાલતથી વાહન ચાલકો પરેશાન

ઉંઝા

વેપારી મથક અને યાત્રાધામ ઉંઝા શહેરના રેલ્વે સ્ટેશન તરફના રોડ પર છેલ્લા કેટલાક સમયથી મસમોટા ખાડાઓ પડી જતાં વાહનચાલકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. શહેરમાં સરદારચોકથી રેલ્વે સ્ટેશન તરફના જાહેરમાર્ગ પર ચોમાસા દરમિયાન રોડ તુટી જતાં ઠેર ઠેર નાના મોટા ખાડાઓ પડી ગયા છે.આ મોટા ખાડાઓમાં પાણી પણ ભરાયેલું રહે છે.આ રોડ છેલ્લા કેટલાય સમયથી સાવ બિસ્માર હાલતમાં મુકાઈ ગયેલ છે.જેથી અત્રેથી પસાર થતા વાહનો ખાડાઓમાં પટકાઈ રહ્યા છે.જેના કારણે વાહનચાલકો તેમજ વાહનોમાં બેઠેલ મુસાફરોને નાની મોટી ઈજાઓ થતી હોવાનું કહેવાય છે.આ રસ્તા પર માર્કેટયાર્ડમાં પ્રવેશવાનો ગેટ આવેલ છે.આ રોડની મરામત માટે જવાબદારતંત્ર દ્વારા બેદરકારી દાખવવામાં આવી રહી છે.અને બિસ્માર રોડની મરામત કરાતી નથી. આવીજ સ્થિતિ હાઈવે પર એ.પી.એમ.સી.સર્કલ પાસે બની છે.ચોમાસામાં આ હાઈવે રોડ પર મોટા ખાડાઓ પડી ગયા હતા.જેમાં માર્ગ મકાન વિભાગ તરફથી ડામર અને કપચી નાંખીને ખાડા પુરવાનું નાટક કરાયું છે.જેથી આ રોડ ઉબડ ખાબડ બની જતાં વાહનચાલકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે.રસ્તાઓની મરામતના કામે તંત્રોની ઘોર નિષ્ક્રિયતાથી શહેરીજનો અને વાહનચાલકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

## પાટણ શહેર અનુસૂચિત જન જાતિ મોરચાના પદાધિકારીઓની નિયુક્તિ

પાટણ

જિલ્લા સંગઠન પ્રભારી મયંકભાઈ નાયક તથા જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલ તથા ઝોન પ્રભારી ભાવેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા અનુસૂચિત જનજાતિ મોરચાના પ્રમુખ અજયભાઈ રાણા તથા પાટણ શહેર ભાજપ પ્રમુખ સુરેશભાઈ પટેલની અનુમતીથી પાટણ શહેર અનુસૂચિત જન જાતિ મોરચા પ્રમુખ ભીલ ગોવિંદભાઈ જેસંગભાઈ દ્વારા શહેર અનુસૂચિત જન જાતિ મોરચાના પદાધિકારીઓની ગતરોજ નિયુક્તિ કરવામાં આવે છે. ઉપપ્રમુખઃ- ભીલ જયેશભાઈ મફતલાલ, ભીલ ભાવેશકુમાર શંકરલાલ; મંત્રીઃ- ભીલ સંજયકુમાર દિનેશભાઈ, ભીલ સુનીલકુમાર કિશોરભાઈ, ભીલ વિજયભાઈ જીવણલાલ, ભીલ પ્રવિણભાઈ મોતીભાઈ; કોષાધ્યક્ષઃ- રાણા તેજસભાઈ અશોકભાઈ.

## પાટણમાં દલિત છાત્રાલયમાં બાળકોના શોષણના મામલે પોલીસમાં ફરિયાદ

પાટણ

પાટણમાં પીંપળાગેટ પોલીસ ચોકીની સામે આવેલા દલિત વિદ્યાર્થીઓના છાત્રાલયમાં છાત્રાલયના સંચાલક દ્વારા બાળકોનું શોષણ કરતા હોવાની ઘટના બહાર આવતાં ચકચાર મચી જવા પામી છે. સંચાલક સામે ત્રણથી પાંચ વિદ્યાર્થીઓનું શારિરીક શોષણ કર્યાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ બાબતે પોલીસે તપાસ ચલાવેલ છે. જાણવા મળતી વિગતો અનુસાર શહેરના પીંપળાગેટ પોલીસ ચોકી સામે આવેલા દલિત વિદ્યાર્થીઓનું ''અંત્યોદય પ્રગતિ યુવક મંડળ'' દ્વારા છાત્રાલય ચાલે છે. જેમાં ૨૦ જેટલા બાળકોની સંખ્યા છે. આ છાત્રાલયમાં થોડાક દિવસથી ગૃહપતિ દ્વારા બાળકોને શારિરીક માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાની ઘટના બની હતી. જેમાં ગત સોમવારે ભારે હોબાળો થયો હતો અને અહીં રહેતા બાળકોએ પોતાના વાલીઓને ફોન કરી બોલાવતા અને આક્ષેપો થયા હતા. જેમાં ગૃહપતિ દ્વારા રાત્રે બાળકોને બોલાવી પગ દબાવવાનો આદેશ કરી બાળકોને શારિરીક અડપલા કરવા જેવી હરકતો કરવામાં આવતી હતી. આ બાળકોએ પોતાના વાલીઓને બોલાવી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોતાની આપવિતી જણાવતાં પાટણ સીટી એ ડિવીઝન પોલીસે તપાસ ચલાવેલ છે.

## બી.એડ.કોલેજ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

મહસાણા

ધી ન્યૂ પ્રોગ્રેસિવ કોલેજ ઓફ ટીચર્સ એજ્યુકેશન, મહેસાણા દ્વારા તા.૩૦-૮-૨૦૧૭ ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેનો મુળ હેતુ પ્રશિક્ષણાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યેની સભાનતા વિકસે તેવો રહ્યો હતો. આયોજિત કાર્યક્રમમાં કોલેજના તમામ પ્રશિક્ષણાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફ જોડાઈને જુદા-જુદા પ્રકારના વૃક્ષો કોલેજના પટાંગણમાં રોપવામાં આવ્યા હતા.કોલેજના પ્રિ.ડો.એમ.કે.પટેલે સર્વે પ્રશિક્ષણાર્થીઓને વૃક્ષોનું મહત્વ સમજાવી તેના જતન માટેનું પ્રેરણાદાયી વ્યાખ્યાન રજૂ કર્યું હતું.

## પાટણમાં રાજકાવાડા રોડ પર બાઈક રીક્ષાને અથડાતાં ત્રણ જણાને ઈજા

પાટણ

પાટણમાં રાજકાવાડા વિસ્તારના મુખ્ય રોડ પર આવેલી ન્યુ જનતા હોસ્પિટલ પાસે ગત શનિવારે બાઈક અને રીક્ષા અથડાતાં ત્રણ જણાને સામાન્ય ઈજાઓ થઈ હતી. જ્યારે એક ચણા- સીંગની લારીને રૂા. ૫૦૦ નું નુકસાન થયું હતું. જાણવા મળતી વિગતો અનુસાર પાટણમાં રાજકાવાડા વિસ્તારના મુખ્ય રોડ પર આવેલી ન્યુ જનતા હોસ્પિટલના મુખ્ય ઝાંપા પાસે ઉભેલી રીક્ષાને બજાર સાઈડથી આવતો બાઈક ચાલક અથડાઈ પડતા રીક્ષામાં સવાર ચાર લોકોમાંથી ત્રણ જણાને સામાન્ય ઈજાઓ થઈ હતી. જ્યારે ત્યાં ઉભેલી સીંગચણાની લારીને બાઈકનો જોરદાર ધક્કો વાગતા કાચની ડઝન જેટલી બરણીઓનો ભુક્કો થઈ ગયો હતો. સદર રોડ પર ટ્રાફિકની સમસ્યાને નિવારવામાં ન આવતાં આંતરે દિવસે અકસ્માતનો બનાવ બન્યા વિના રહેતો નથી.

## સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે સંકલ્પથી સિધ્ધિ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના કાંકણોલ સ્વામી નારાયણ મંદિર ખાતે વાહન વ્યવહાર અને જીલ્લા પ્રભારી મંત્રીશ્રી વલ્લભભાઇ કાકડીયાની અધ્યક્ષતામાં પંચાયતીરાજ સંસ્થાઓના પ્રતિનિધીઓનું “સંકલ્પ થી સિદ્ધિ” વિઝન -૨૦૨૨ જીલ્લા કક્ષાનું સંમેલન યોજાયું.

જીલ્લા પ્રભારી અને વાહન વ્યવહાર મંત્રીશ્રી વલ્લભભાઇ કાકડીયાએ જણાવ્યુકે આપણા દેશના પ્રધાનમંત્રીશ્રી હરહમેશ લોકકલ્યાણ માટે ચિંતિત હોય છે. જેમણે આગામી પાંચ વર્ષમાં પ્રજાજનો માટે શું કરવામાં આવેતો દેશનો સમતોલ વિકાસ થાય અને જરૂરતમંદ વ્યક્તિ સુધી વિકાસ નાં મીઠા ફળ પહોચે. સાબરકાંઠા નાં પંચાયતી રાજના પ્રતિનિધીઓને આ તબક્કે આગ્રહ પૂર્વક જણાવું છુ કે આપણે આગામી પાંચ વર્ષમાં ગામમાં પણ શહેરની કક્ષાની સગવડો ઉભી કરવાનું લક્ષ રાખવું જરૂરીછે. જે દ્વારા આપણે ગામમાં કૃષિવિકાસ અને પશુપાલન ક્ષેત્રે નિર્ધારિત વિકાસ કરી શકીશું. આપણે સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણ અને નક્કર આયોજનથી વિઝીન-૨૦૨૨ માટે જરુરીસંકલ્પ સિદ્ધ કરવા કટીબદ્ધ બનશું.

આ સંમેલનમાં જીલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે જણાવ્યુ કે દેશમાં સર્વ પ્રથમ વખત સમગ્ર દેશના તમામ કલેક્ટરો સાથે પ્રધાન મંત્રીશ્રીએ વીડિઓ કોન્ફરન્સ થી વાત કરી છે. જેમાં આપણે આગામી પાંચ વર્ષમાં દરેક વિભાગ દ્વારા દેશના સમગ્રતયા વિકાસ માટે ડોક્યુમેન્ટ તૈયાર કરવાના થાય છે. આપણા જીલ્લામાંપણ છેવાડાના માનવી સુધી દરેક વ્યક્તિ દેશ વિકાસમાં સામેલગીરી આપે અને વહીવટીતંત્ર પણ ખડેપગે તૈયાર રહી આરોગ્ય, શિક્ષણ પાણી પુરવઠો, કૃષિ-પશુપાલન, સ્વચ્છતા, ગ્રામ વિકાસ જેવા વિવિધ વિભાગોને સાંકળીને સંકલ્પ થી સિદ્ધિ સુધી પહોચવા કટિબદ્ધ બનશે.

જીલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષ વ્યાસે જણાવ્યું કે પ્રધાન મંત્રીશ્રીનાં આ વિઝનને પરિપૂર્ણ કરવા જીલ્લા પંચાયતનાં તમામ વિભાગો દ્વારા આગામી પાંચ વર્ષમાં જન-જન સુધી ગ્રામ વિકાસને લગતી તમામ બાબતો અંગે જરૂરી નક્કર આયોજન કરવામાં આવશે. જેમાં સ્વચ્છતા, આરોગ્ય, શિક્ષણ ગ્રામ વિકાસ, પાણી પાણી પુરવઠો મુખ્ય છે. આસંમેલનમાં વિવિધ ગામોના સરપંચશ્રીઓ, પદાધીકારીશ્રીઓ, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી આર.એમ.ખાંટ, તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણ જિલ્લાના ગામોમાં માં નર્મદા મહોત્સવ યાત્રાનો શુભારંભ



પાટ્ણ

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમની કામગીરી પૂર્ણ થઈ છે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારની નર્મદા કંટ્રોલ ઓથોરીટી દ્વારા ડેમના તમામ ૩૦ દરવાજા બંધ કરવાની મંજુરી આપી દેવાઈ છે. ડેમના દરવાજા બંધ થતા આગામી સમયમાં પોણા ચાર ગણુ વધુ પાણી સંગ્રહ થશે. જેનો લાભ રાજ્યના લાખો ખેડૂતો અને નાગરીકોને થશે. આ માટે નર્મદા મૈયાના વધામણા કરવા રાજ્ય સરકાર દ્વારા આજે તા. ૯ સપ્ટેમ્બરથી ૧૭મી સપ્ટેમ્બર ૨૦૧૭ દરમિયાન રાજ્યમાં મા નર્મદા મહોત્સવ ઉજવાશે. ત્યારે પાટણ સ્થિત બગવાડા દરવાજાથી રાજ્યના કેબિનેટ મંત્રી દિલીપભાઈ ઠાકોરની ઉપસ્થિતિમાં આ મહોત્સવ અને નર્મદા યાત્રાનો જિલ્લામાં શુભારંભ કરાવ્યો છે. જેમાં ૩ રથ જિલ્લાના ૩૯૪ ગામોમાં વિવિધ વિસ્તારોમાં ફરશે, આ રથમાં નર્મદા મૈયાની મૂર્તિ છે. ગામેગામ રથનું પૂજન-અર્ચન કરવામાં આવશે.

આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરએ જણાવ્યું હતું કે, ગુજરાતની જીવાદોરી

સમાન નર્મદા યોજનાના ડેમ પર નર્મદા બંધના દરવાજા બંધ કરવાની મંજુરી મળતાની સાથે એ જ દિવસે મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જાતે જઈ દરવાજા બંધ કરવાની કામગીરી આરંભી હતી. સરદાર સરોવર યોજના પૂર્ણ થતા રાજ્યના લાખો ખેડૂતોને સિંચાઈની સુવિધા સહિત ચાર કરોડથી વધુ નાગરીકોને પીવાના પાણીની સુવિધા મળશે અને લાખો પશુઓ માટે પીવાનું પાણી અને ઘાસચારો ઉપલબ્ધ થશે. નાગરીકોના ઉત્સાહ-ઉમંગની અભિવ્યકિત માટે આ કાર્યક્રમ ઉજવાઈ રહ્યો છે.

## વિસનગરમાં સિધ્ધેશ્વરી માતાના મંદિરમાં ચોરી

મહેસાણા

વિસનગરના પાલડી રોડ પર આવેલા સિધ્ધેશ્વરી માતાના મંદિર નજીક ઓરડીના થાબા પર સુતેલા મહંતને બે અજાણ્યા લોકોએ ખાટલામાંથી નીચે પાડી ઓરડીની ચાવી લઇ ૮૦ હજાર રોકડા અને મોબાઈલ મળી ૮૦,૫૦૦ની મત્તા લુટી લીધી હોવાની ઘટનાએ ચકચાર જગાવી છે. ઈજા પામેલા મહંતને વિસનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના અંગે પોલીસ ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર પાલડી રોડ પર આવેલા સિધ્ધેશ્વરી માતાના મંદિરમાં ચંદનદાસ ગુરૂપંડિત રામમિલાવંતજી નામના મહંત છેલ્લા ૨૦ વર્ષથી પુજા અર્ચના કરે છે.તેઓ ઓરડીને તાળુ મારી ઓરડીના ધાબા ઉપર સુઇ ગયા હતાં ત્યારે રાત્રીના સમયે બે અજાણ્યા વ્યક્તિઓ આવ્યા અને રૂમની ચાવી આપો અને કહી મહંતને ધમકી આપી અને તેમને ખાટલા ઉપરથી નીચે પાડી દીધા આ દરમિયાન અજાણ્યા વ્યક્તિઓએ મહંત પાસેથી ચાવી લઇ ઓરડીમાં પડેલી પેટીમાં મુકાલા ૫૦ હજાર રોકડા તેમજ લાકડાના કબાટમાં મુકેલા ૩૦ હજાર અને મોબાઇલ મળી ૮૦ ૫૦૦ની મત્તા લુંટી ભાગી ગયા હતાં. મહંત ચંદનદાસે આ અંગે સ્થાનિક લોકોને વાત કરતા તેઓ મંદિરે દોડી આવ્યા હતાં અને પોલીસને જાણ કરી હતી આથી પોલીસ આવી પહોંચી હતી અને મહંતને હોસ્પિટલ ખસેડયા હતાં અને આ અંગે પોલીસે બે અજાણ્યા વિરૂધ્ધ કેસ દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી છે.

## નાની ચંદુર ગામે ચૂંટણીની અદાવતે કરાયેલા હુમલામાં ઘાયલનું મોત

હારીજ

સમી તાલુકાના નાની ચંદુર ગામે ચૂંટણીની અદાવત રાખી મારામારીમાં એક વ્યક્તિનું સારવાર દરમ્યાન હોસ્પિટલમાં મોત થયું હતું.

જાણવા મળતી વિગત અનુસાર નાની ચંદુર ગામે ઈન્દુબેન અમૃતલાલ ઠક્કરના પતિ અમૃતલાલ ઠક્કર ગોપાલદાસ ઠક્કરની સાથે ગત સરપંચની ચૂંટણીની અદાવત રાખીને નાની ચંદુર ગામના હીરાજી શંકરજી ઠાકોર, તથા મનુજી હીરાજી ઠાકોરે કહેલ કે તમે સરપંચની ચૂંટણીમાં મને મત આપ્યો નથી અને ચૂંટણીમાં તમે મને હરાવ્યો છે. તેવું જણાવી ઉશ્કેરાઈ જઈને ગાળો બોલી હિરાજીએ અમૃતલાલના માથા પર લોખંડની પાઈપથી હુમલો કર્યો હતો. જ્યારે મનુજીએ પાઈળથી મોઢા પર આડેધડ ઘા મારતાં ઘવાયેલા અમૃતલાલ ઠક્કરને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેઓનું મોત થયું હતું. આ બાબતે સમી પોલીસે બંને શખ્સો વિરૂધ્ધ ૩૦૨ કલમ અંતર્ગત તપાસ હાથ ધરી છે. ગામમાં આ બનાવથી ભારે અરેરાટી સર્જાઈ છે.

## રાધનપુર તાલુકાના નવા ભીલોટ ગામે ઠાકોરસેનાની બેઠક મળી



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના નવા ભીલોટ ગામે ઠાકોરસેનાની બેઠક મળી હતી, સામાજિક યુવા કાર્યકર ડો. ગોવિંદભાઇ ઠાકોર, ઠાકોર સેનાના પ્રદેશ હોદ્દેદાર પ્રહલાદજી ઠાકોર, તાલુકા પ્રમુખ દેવરાજભાઇ ઠાકોર, શહેર પ્રમુખ રમેશજી ઠાકોર, હરખાજી ઠાકોર, રઘુભાઇ ઠાકોર, ગઢાના જામાજી ઠાકોર, પ્રતાપજી ઠાકોર સહિતની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠક માં ઠાકોર સમાજને વ્યસનમુક્ત બનાવી સંગઠિત બનવા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો, તેમજ તા. ૨ ઓક્ટોબરે ગાંધીનગર માં યોજાનાર વિરાટ ઠાકોર સેના સંમેલનમાં ભાગ લેવા સૌને આહવાન કરવામાં આવ્યું હતું. તેમજ આવનાર સમયમાં સક્રિય રાજનીતિમાં ભાગ લેવા અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## સાબરકાંઠા જિલ્લામાં "મા નર્મદા મહોત્સવ"નો પ્રારંભ



સતીષ ભટ્ટ

હિમતનગર

તલોદ તાલુકાના ટીંબા કંપા ખાતેથી સાસંદ દિપસિંહ રાઠોડે રથનું પ્રસ્થાન કરાવ્યું. સમગ્ર રાજ્યવ્યાપી આરંભાયેલા આજથી નર્મદા મહોત્સવનો સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ટીબાકંપા ખાતેથી પ્રારંભ કરાયો હતો. નર્મદા રથને સાસંદ શ્રી દિપસિંહ રાઠોડે લીલી ઝંડી પ્રસ્થાન કરાવ્યું હતું. પ્રાસંગિક ઉદ્દબોધન કરતા સાસંદ શ્રી દિપસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, સાબરની ધરા પર નર્મદાનું અવતરણ થતા જિલ્લાની ધરતી નવપલ્લવિત થઇ છે. આ યોજના થકી જિલ્લાના તલોદ, પ્રાંતિજ અને હિંમતનગરના ૨૬૮ ગામો અને ૩ શહેરોને લાભ મળશે. આ યોજનાની રૂપરેખા આપતા સાસંદ શ્રીએ જણાવ્યું હતું કે, આ યોજના વર્ષ ૨૦૦૭થી કાર્યરત કરાઇ છે. જેને સુજલાફ સુફલામ યોજના સાથે સાંકળીને ૧૩૬ કી.મી પાઇપલાઇન નાંખવામાં આવી છે. જેને તલોદના ટીબા તળાવથી ગોરઠીયા, કાંજણ ડેમથી રાયગઢ સુધી લંબાવવામાં આવી છે. જેની પાછળ અંદાજીત રૂ. ૨૧૮ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે. હિમતનગરના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડાએ નર્મદાને જીવાદોરી ગણાવતા જણાવ્યું હતું કે, છેલ્લા છ દાયકાથી જે કામ ન થઇ શક્યુ એ નરેન્દ્રભાઇ મોદીની નેતૃત્વવાળી સરકારમાં થઇ શક્યું છે. આ પ્રસંગે આદિજાતિ વિકાસ નિગમના ચેરમેન શ્રીમતી રમીલાબેન બારા, પૂર્વ મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ, વી.ડી.ઝાલા, સાબર ડેરીના ચેરમેન શ્રી જેઠાભાઇ પટેલ, સાબરકાંઠા બેંકના ચેરમેન શ્રી મહેશભાઇ પટેલ, કલેકટર શ્રી પી.સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષ વ્યાસ, પોલીસ વડા શ્રી પ્રવિણ માલ, અગ્રણી શ્રી જે.ડી.પટેલ, કૌશલ્યાકુંવરબા સહિત આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## રાધનપુર તાલુકાના જુના પોરાણા પ્રાથમિક શાળાનું ગૌરવ



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના અરજણસર ગામે સેન્ટર કક્ષાનું ગણિત-વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન-૨૦૧૭ બુધવારે યોજાઈ ગયું,જેમાં જુના પોરાણા પ્રાથમિક શાળાના વિભાગ- ૩ અને વિભાગ-૪ ના બાળકોએ વિજ્ઞાન શિક્ષક રાધેશ્યામભાઈ સાધુના માર્ગદર્શન હેઠળ પ્લાસ્ટિકના કચરાના નિકાલ માટે નકામી વસ્તુઓમાંથી અનેક ઉપયોગી વસ્તુઓ બનાવી અને રોડ અકસ્માત નિવારવા માટે અકસ્માતરહિત વળાંકની કૃતિ રજુ કરીને બંને વિભાગમાં પ્રથમ નંબર મેળવીને જુના પોરાણા ગામનું ગૌરવ વધાર્યું હતું, આ કૃતિઓ બનાવવામાં શાળાના બાળકો અમરત ઠાકોર, આકાશ રાવળ, નિલેશ ઠાકોર અને હિતેશ ઠાકોર સહિતે બુદ્ધિનું કૌશલ બતાવ્યું હતું.

શાળાના આચાર્ય લાલજીભાઈ ચૌધરીએ બાળકોને અભિ નંદન પાઠવ્યા હતા. આ અગાઉ પણ શાળાએ વિવિધ સ્પર્ધાઓમાં ૧૦૦ જેટલા શિલ્ડ મેળવ્યા છે. અને ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં પણ સતત જિલ્લા કક્ષાએ પહેંચ્યા છે.સ્વચ્છ શાળા અવૉર્ડ -૨૦૧૬ મેળવીને આ શાળાએ રાધનપુર તાલુકાનું ગૌરવ વધાર્યું છે.

## નેતાઓની ખુબજ વધી રહેલી સંપત્તિ પર સુપ્રીમે સરકાર પાસે જવાબ માંગ્યો

નવીદિલ્હી

સાંસદ અથવા ધારાસભ્ય બન્યા બાદ નેતાઓની સંપત્તિમાં થઇ રહેલ મોટા પ્રમાણમાં વધારા પર સુપ્રીમ કોર્ટે કડકાઇ બતાવી છે.ધારાસભ્ય અથવા સાંસદ બન્યા બાદ જે નેતાઓની સંપત્તિમાં આશ્ચર્યજનક રીતે વધારો થયો છે તેના પર કોર્ટે હવે પોતાની નજર કડક કરી લીધી છે.સુપ્રીમ કોર્ટે કેન્દ્રને નિર્દેશ આપતા તેના પર વિસ્તૃત રિપોર્ટ રજુ કરવા કહ્યું છે.રિપોર્ટમાં કેન્દ્રે એ બતાવવું પડશે કે આ મામલામાં તેમણે અત્યાર સુધી શું પગલા લીધા છે અથવા તેની તપાસ કયાં સુધી પહોંચી છે.

એ યાદ રહે કે આવા મામલામાં લગભગ ૨૮૯ નેતાઓના નામ સામેલ છે અને તેમાં દરેક રાજનીતિક પક્ષના કોઈને કોઇ નેતા સામેલ છે.કેટલાક મામલા તો એવા છે જેમાં તેમની સંપત્તિમાં છેલ્લા પાંચ વર્ષમાં ૫૦૦ ટકા સુધીનો ઉછાળો આવ્યો છે. નેતાઓની મોટા પ્રમાણમાં વધી રહેલી સંપત્તિ સતત વિવાદનો વિષય રહેલી છે. પરંતુ તેના પર કેટલાક સાંસદોનું એ પણ તર્ક છે કે તેમની પ્રોપર્ટીનું મૂલ્યાંકન વર્તમાન બજાર મૂલ્યથી કરવામાં આવે છે અને આ ઉપરાંત વ્યાપારથી પ્રાપ્ત આવકના કારણે તેમની સંપત્તિમાં આટલો ઉછાળ આવ્યો છે. પરંતુ કોર્ટ ઈચ્છે છે કે તેની દરેક સ્તર પર તપાસ થવી જોઈે. તેમાં સ્પષ્ટ થઇ શકે કે નેતાઓની આવકમાં થયેલ વધારો કાનુની રીતે યોગ્ય છે કે નહીં.

